Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

लक्ष्मीवान् स्वीयलक्ष्मीं विसृजतु परमौदार्ययुक्तः सुकार्ये
विद्यावान् स्वीयविद्यां वितरतु परमादादराद्वै सुशिष्ये ।
लक्ष्मीविद्याद्वयं तन्निवसतु परमैक्येन सर्वेषु सत्सु
आत्मानन्द प्रकाशाद्' भवतु सुखयुतो मर्त्यलोकोऽपिनाकः ॥१॥

पु. १८. | वीर सं. २४४७ वैशाख आत्म सं. २५ | अंक १०मो

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

વિષયાનુક્રમણિકા.

વિષય.	પૃષ્ટ.	વિષય.	પૃષ્ઠ.
૧ શ્રી જીનેશ્વર સ્તુતિ.	૨૨૫	૭ સ્વઓળખાણ સંબંધી સ્થુલ વિચાર...	૨૭૬
૨ સંસારમાં જન કહો સુખ શું જણાય?...	૨૫૬	૮ અંતરાત્માની પરમાત્મા પ્રતિ સંકટો દૂર કરવાની ...તી.	૨૮૦
૩ શારીરિક સ્વાસ્થ્ય.	૨૫૮	૯ વર્તમાન સમ... અને ગ્રંથાવલોકન ...	૨૮૧
૪ જગત માટે જૈન મહાત્મા પ્રાપ્ત કરવાની યોજના...	૨૬૩		
૫ હાલ તાત્કાલીક શું કરવું? ...	૨૬૯		
૬ ઉપમિતિ ભવપ્રપંચા કથા ઉપયુક્ત વચનોનો 'અનુવાદ.'...	૨૭૩		

વાર્ષિક મુલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માનંદ પ્રકાશના ચાલતા (અઢારમા) વર્ષની અપૂર્વ ભેટ.

શ્રી ઉપદેશ સિત્તરિ ગ્રંથ ભાષાંતર.

શ્રી આત્માનંદ પ્રકાશના સુજ્ઞગ્રાહકોને આ અઢારમા વર્ષની ભેટની બુક "શ્રી ઉપદેશ સિત્તરિ" (અપૂર્વ ઉપદેશ સાથે અનેક કથાઓ સહિત) સુમારે વીશ ફારમનો મોટો ગ્રંથ આપવાનું મુકરર થયું છે, આવી સખ્ત મોંઘવારી છતાં દર વર્ષે નિયમિત આટલા ફારમની મોટી ભેટની બુક (માસિકનું લવાજમ કાંઇ પણ નહિ વધાર્યા છતાં) આપવાનો ક્રમ માત્ર આ સભાએજ રાખ્યો છે, તે અમારા માનવંતા ગ્રાહકોની ધ્યાન બહાર હશેજ નહી, તેનું કારણ માત્ર જૈન સમાજને સસ્તી કિંમતે–ઓછી કિંમતે વાંચનનો બ્હોળો લાભ આપવાના હેતુને લઇનેજ છે. જેથી દરેક જૈન બંધુએ આ માસિકના ગ્રાહક થઇ તેનો લાભ લેવા સાથે જ્ઞાન ખાતાને ઉત્તેજન આપવા ચુકવું નહિ. અમારા માનવંતા ગ્રાહકોને આ વર્ષની ભેટની બુક જલદીથી આપવાની છે જેથી તેનું છપાવવાનું કાર્ય શરૂ થઇ ગયું છે, જેથી જે બંધુઓને ગ્રાહક ન રહેવું હોય તેમણે હાલમાંજ અમોને પત્ર દ્વારા જણાવવું કે જેથી નાહક જ્ઞાન ખાતાને નુકશાન ન થાય; પરંતુ બાર માસ સુધી ગ્રાહક રહી અંકો રાખી પછવાડે ભેટની બુક લવાજમ વસુલ કરવા વી. પી. થી મોકલવામાં આવે, ત્યારે પાછી મોકલી નકામો ખર્ચ કરાવી વિના કારણ જ્ઞાન ખાતાને નુકશાન કરવું અને તેના દેવાદાર રહેવું તે ગ્રોગ્ય નથી. માટે જેઓને ગ્રાહક ન રહેવું હોય તેઓએ અમોને સ્પષ્ટ ખુલાસો લખી જણાવવો એવી નમ્ર સુચના કરીયે છીયે.

જલદી મંગાવો. **જલદી મંગાવો.**

માત્ર થોડીજ નકલો સીલીકે છે.

"શ્રીદેવભક્તિમાળા પ્રકરણ ગ્રંથ."

(જેમાં પાંચ પ્રકારની પરમાત્માની ભક્તિનો સમાવેશ કરવામાં આવેલ છે)

ઉપરોક્ત ગ્રંથ જેમાં પરમાત્માની ભક્તિનું સ્વરૂપ. ૧ પૂજા ભક્તિનો પ્રભાવ ૨ આજ્ઞા ભક્તિ, ૩ દેવ દ્રવ્ય સંરક્ષણ ભક્તિ ૪ મહોત્સવ ભક્તિ, ૫ તીર્થ યાત્રા ભક્તિ એ પાંચ પ્રકારની ભક્તિનું આગમ પ્રમાણે અને શાસ્ત્રીય દ્દષ્ટાંતો આપી શંકા સમાધાન સહિત યથાર્થ સ્વરૂપ આ ગ્રંથમાં લખવામાં આવ્યું છે. આ ગ્રંથના લેખક પંન્યાસજી દેવવિજયજી મહારાજ છે. ગ્રંથ ખરેખર મનનીય અને પ્રભુ ભક્તિ કરવા માટે એક ઉત્તમ સાધન અને આલંબનરૂપ છે; તેમજ પ્રાણીને મોક્ષ માર્ગે જવા માટે એક નાવ રૂપ છે. આ ગ્રંથ પ્રથમથી છેવટ સુધી વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. ઉંચા ઈંગ્લીશ કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી તે પ્રકટ કરવામાં આવ્યો છે. બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારથી સુશોભિત કરવામાં આવેલ છે. પચીશ ફારમ બશેંહ પાનાનો આ ગ્રંથ જેની કિંમત માત્ર રૂ. ૧–૪–૦ સવા પોસ્ટેજ જુદું. માત્ર જુજ કોપી બાકી છે. જોઇએ તેમણે આ સભાને શિરનામે લખી મંગાવવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शरीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः

पुस्तक १८] वीर संवत् २४४८ वैशाख. आत्म संवत् २५. [अंक १० मो.

श्री जिनेश्वर स्तुति

વસંતતિલકા.

જેનાં પરાક્રમતણો પ્રસરે પ્રભાવ,
ભવ્યાત્મ સૃષ્ટિની વિષે સઘળે સદૈવ;
જૈનેંદ્ર દૃષ્ટિની મિષે વિલસે અતીવ,
જ્ઞાનાર્કનાં પ્રખર કીર્ણ તણો પ્રકાશ. ૧
જે જીનનું વિમળ દર્શન શાંતિ યુક્ત.
સંવેગ હર્ષ પ્રવહે હૃદયે પ્રપૂર્ણ;
તેવા શ્રી ભાવજીનને પ્રણમું સદાયે,
આત્માર્થના અનુપ રંગ થકી ઉલાસે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસારમાં જન કહો સુખ શું જણાય ?

(ગતાંક પૃષ્ટ ૨૩૨ થી શરૂ)

રચનાર—રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી

વસંતતિલકા

બીજાતણું સુખ મહા નજરે નિહાળી,
ઇર્ષ્યાગ્નિ આ શરીર દે જીવતાં પ્રજાળી;
સંતોષરૂપ ન સુધા સુખથી પિવાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય. ? ૧૭

તૃષ્ણારૂપી તરૂણને વળગે કુરોગ,
ઝંખે વળી યુવતિના દિનરાત ભોગ;
એથી કદિ ન સુખનું મુખ નિરખાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૧૮

ઘેરે પછી ઘડપણે તન રોગસંઘ,
દાંતો પડે કડ ખડે રહિ જાય અંગ;
ઇંદ્રિય સર્વ બલહીન શિથીલ થાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૧૯

નાકે મુખે વળી વહે બહુ લીંટ લાળ,
મોટી પડે મરણની મનમાંહિ ફાળ
સારૂં સ્વરૂપ તનનું સઘળું સમાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૨૦

ચિંતા ચિતા વગર વહ્નિ શરીર બાળે
કાને વધે બધિરતા નયને ન ભાળે;
ભાંગ્યું તુટયુ પણ મહા શ્રમથી વદાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૨૧

કાળા મટી સકળ થાય સફેત કેશ,
વાંકો વળેલ વરવો થઇ જાય વેશ;
શ્વાસે સદા ધમણ જેમ અરે ધમાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૨૨

ચાવી ખવાય નહિ ઉત્તમ ભોજનાદિ,
ખાવું પચે ન જરીએ બહુ થાય બાદી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કયાંઇ ન ચાર ડગલા ઘરથી ચલાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય? ૨૩
થાયે જરાથકી સુજર્જરીભૂત દેહ,
તૂટે ન તોય સુતદારતણો જ નેહ;
તૃષ્ણાતણી ઘડપણે બહુ વૃદ્ધિ થાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય? ૨૪
શત્રુ સમાન વરતે નિજ પુત્ર પ્યારા,
વ્હાલાં સગાં પણ અરે થઇ જાય ન્યારાં;
સેવા કરે ન ઘરની પણ નાર હાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય? ૨૫
બુઢ્ઢાતણી બગડી બુદ્ધિ હવે અતીશે,
ક્યારે મરે કનડતો કહી દાંત પીસે;
માને કહ્યું ન ઘરમાં પણ કો જરાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય? ૨૬
શું વર્ણવું દુઃખ વિશેષ હું વૃદ્ધ કેરૂં,
પીડે અરે ઘર બધું થઈને નમેરૂં;
સ્વાર્થી બધા મરણ તેનું સદૈવ ચ્હાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય? ૨૭
ત્યાં કાળ ક્રુર ઝડપે જનને પરાણે,
આવે સગાં નજીકનાં પછી સર્વ કાણે;
સત્કર્મ માત્ર જીવનું જીવસંગ જાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય? ૨૮
જન્મ્યા પછી મરણ સુધી ન સુખ એમ,
ઝંખે કુબેર જન તે ધરી તોય પ્રેમ;
આશ્ચર્ય એજ મુજને બહુ આજ થાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય? ૨૯

દોહરો

આ સંસાર અસારમાં, સુખ નથી લવ લેશ;
પ્રભુ ભજન જન જો બને, તો સુખ મળે અશેષ. ૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શારીરિક સ્વાસ્થ્ય.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

"Practical success in life depends more upon physical health than is generally imagined." Smiles.

"જીવન સાફલ્યનો સામાન્યત: ધારવામાં આવે છે તે કરતાં વધારે આધાર શારીરિક સ્વાસ્થ્ય ઉપર રહેલો છે." સ્માઈલ્સ.

शरीरमाद्यं खलु धर्मसाधनम् ।।

વાસ્તવિક રીતે જોતાં મનુષ્યનું જીવન એક પ્રકારનું સંગ્રામજ છે. આ જીવનમાં પ્રત્યેક મનુષ્યની સામે સુખ અને દુ:ખ, શુભ અને અશુભ, સત્ય અને અસત્ય, હિત અને અહિત, વિજય અને પરાજય વિગેરે દ્વન્દ્વ ઉપર ભિન્ન ભિન્ન બે માર્ગ ખુલ્લા રહે છે, એ માર્ગોમાંથી ક્યા એકને પસંદ કરવો યા ના પસંદ કરવો અને તેની અનુસાર વર્તવું તે પ્રત્યેક મનુષ્યની સ્વતંત્ર બુદ્ધિને આધીન છે. કોઈ લોકો આ માનવ જીવનને કેવલ દુ:ખમય અને કંટક પૂર્ણ કહે છે અને સર્વદા તેની નિંદા કર્યા કરે છે. પરંતુ તત્વજ્ઞાની દ્દષ્ટિથી આ સંસાર, અર્થાત્ આપણું માનવ-જીવન સુખમય બનાવી શકાય છે. ખરૂં જોતાં તો આ સંસાર અર્થાત્ આપણું જીવન કેવલ દુખપૂર્ણ નથી તેમજ કેવલ સુખપૂર્ણ નથી. અંગ્રેજ વિદ્વાન મી. હેલ્પ્સ પોતાના નિબંધોમાં લખે છે કે "There is no unmixed good or happiness in this world." સત્ય છે. આ જીવન સુખ અને દુ:ખનું મિશ્રણ જ છે. તેમજ અનુભવથી એ વાત પણ સિદ્ધ થાય છે કે તેને દુ:ખી અથવા સુખી બનાવવું તે આપણાજ હાથમાં છે, વૉલ્પોલના મત પ્રમાણે તો આ જીવન તે લોકોને માટે સુખમય છે કે જેઓ વિચાર મગ્ન રહે છે, પરંતુ જે લોકો કેવળ પોતાની ઇન્દ્રિયોના વિકારોને આધીન બની રહેલા છે તેઓને માટે આ જીવન સંપૂર્ણત: દુ:ખથી ભરેલું છે. તાત્પર્ય એ છે કે આપણે આપણાં જીવનને જેવું બનાવવા ચાહીએ તેવું બનાવી શકીએ છીએ. "As a rule, life is what we choose to make it."

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આપણે આપણાં જીવનને સુખપૂર્ણ કેવી રીતે બનાવી શકીએ ? આ સંસારમાં એવો કોઇ મનુષ્ય નથી કે જે જાણી બુજીને દુ:ખની ઇચ્છા કરે. પ્રત્યેક મનુષ્યની એજ ઇચ્છા હોય છે કે મને સુખ, શાંતિ અને વિજય પ્રાપ્ત થાય. પરંતુ એનું શું કારણ છે કે ઇચ્છા ન હોવા છતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતમાં આપણને દુઃખ અને પરાજયજ મળે છે ? કારણ એજ છે કે આપણે તે ઉપાયો જાણતા નથી (અને કદાચ જાણતા પણ હાઇએ તો તેનો યથાર્થ ઉપયોગ પણ કરી શકતા નથી) કે જેની સહાયતાથી આપણે આ જીવન–સંગ્રામમાં દુઃખને દૂર કરી સુખની પ્રાપ્તિ કરી શકીએ, તેથી સૌને માટે જાણવું અત્યંત આવશ્યક છે છે કે જીવન–સાફલ્યની કુંચી કઇ છે ? જે લોકો આ સંસારમાં જન્મ લઇને પોતાનું જીવન સાર્થક કરવા ઇચ્છતા હોય છે તે સર્વને માટે એ આવશ્યક છે. એટલા માટે આ લેખમાળામાં એવી વાતો ચર્ચવામાં આવશે કે જે જાણવાથી આપણે આપણું જીવન સુખ અને શાંતિથી વ્યતીત કરી શકીએ. આ લેખ માળાનું પ્રથમ પુષ્પ " શારીરિક સ્વાસ્થ્ય " છે.

શું તમે કદી વિચાર કર્યો છે કે તમને આ સારયુક્ત સંસાર હંમેશા સાર-હીન અને દુઃખમય શામાટે જણાય છે ? તમે હમેશાં નિસ્તેજ અને આળસુ કેમ જણાઓ છો તેનો વિચાર તમે કદિ પણ કર્યો છે ? અને આ સમયમાં ભારત વાસીઓની કર્તૃત્વશક્તિ દિન પ્રતિ દિન કેમ ઘટતી જાય છે તેનો કદિ પણ વિચાર કરવાનો તમે તમારો ધર્મ સમજ્યા છો ? કદાચ તમે ઉક્ત પ્રશ્નોને મહત્વ પૂર્ણ નહિ ગણતા હો અને એમ કહેશો કે અમને આ વખતમાં સ્કુલ, કૉલેજ, ઑફીસ, વેપાર, વ્યવસાય અને રોજગારનું ઘણુંજ કામ છે, ફુરસદ બિલકુલ મળતી નથી કે એ વાતો ઉપર ધ્યાન આપીએ. પરંતુ સ્મરણમાં રાખો કે જો તમે એ પ્રશ્નો ઉપર ઉચિત ધ્યાન નહિ આપો તો પરિણામે તમનેજ હાનિ થશે, કેમકે એ વિષ-યોનો સંબંધ પ્રત્યક્ષ તમારાં જીવનની સાથેજ રહેલો છે. તેથી એ વિષયો ઉપર વિચાર કરવા માટે તમારે ફુરસદ મેળવવીજ જોઇએ.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષને માનવ જીવનના ધ્યેય રૂપ માનવામાં આવે છે. તો પછી ઉક્ત ચારે પદાર્થોની સિદ્ધિનું મૂળ શું છે તેનો વિચાર કરવો જોઇએ. વિચાર કરતાં એમ માલૂમ પડે છે કે આરોગ્ય અથવા શારીરિક સ્વાસ્થ્યજ એ સર્વ વાતોનું મૂળ છે. જે માણસ એ વિષયમાં ધ્યાન આપતો નથી તે પોતાનાં જીવનના ઉદ્દેશનાં સાધનોમાંથી એક પ્રધાન અંગ તોડી નાંખે છે એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. સ્વાસ્થ્યના મહત્વના વિષયમાં " **धमार्थकाममोक्षाणा मारोग्यं मूलकारणम्** " " Health is wealth " " પહેલું સુખ તે જાતે નર્યા " એવી એવી અનેક લોકોક્તિઓ સુપ્રસિદ્ધ છે. તેથી તે સંબંધી વધારે કહેવું ઉચિત નથી. બાઇબલમાં સેન્ટ પૉલનું કથન છે કે " What ! Know ye not that your body is the Temple of the Holy Ghost which is in you, which ye have of God and ye are not your own ? સત્ય છે આ આપણું શરીર પરમાત્માનું નિવાસ સ્થાન–મંદિર છે તેનીરક્ષા કરવી, તેને નિરોગી રાખવું અને બળવાન બનાવવું એ આપણું પ્રથમ કર્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્તમાન સમયમાં ઉક્ત વિષયનું મહત્વ ઘણુંજ વધી ગયું છે, પ્રાચીન સમયમાં ઘણા લોકો ખુલ્લા મેદાનોમાં રહેતા હતા, ખેતીવાડીના કામોમાં મહેનત કરતા હતા, અને પોતાના શરીરને બલિષ્ઠ બનાવવા તરફ વિશેષ ધ્યાન આપતા હતા. આજ કાલ શહેરોમાં રહેનારની સંખ્યા દિવસાનુદિવસ વધતી જાય છે. શહેરોમાં એવા મકાનો, દુકાનો અને કારખાનાની અંદર રહેવું પડે છે કે જ્યાં આરોગ્યતાનો વિઘાત સહજમાં થઇ જાય છે. શહેર નિવાસીઓનો દૈનિક વ્યવસાય પણ એવો હોય છે કે જેમાં શરીર કરતાં મગજને અધિક મહેનત કરવી પડે છે. એનું પરિણામ એ આવે છે કે શહેરમાં રહેનાર લોકોનો મોટો ભાગ હમેશાં રોગગ્રસ્ત દશા ભોગવે છે. એ ઉપરાંત વર્તમાન સમયમાં આપણું સ્વાસ્થ્ય બગાડનાર અનેક પ્રકારના દુર્વ્યસનો પણ પ્રચલિત થઇ રહ્યા છે. તે સર્વનું વિસ્તૃત વર્ણન કરવાનું આ સ્થાન નથી, તો પણ એટલું તો કહેવું આવશ્યક જણાય છે કે તમાકુ, મદ્યપાન આદિ વ્યસનોને લઇને આપણા નવ યુવાનોમાં અનેક તરેહના રોગો દૃષ્ટિગોચર થવા લાગ્યાછે, આપણા લોકો ઇન્દ્રિય દમન જેવા સનાતન અને ગહન તત્વને બિલ્કુલ ભૂલી ગયા છે. કહ્યું છે કે:—

आपदां कथितः पन्था इन्द्रियाणामसंयमः ।
तज्जयः संपदां मार्गो येनेष्टं तेन गम्यताम् ॥

અર્થાત્ ઇન્દ્રિયોને વશ બની રહેવાથી વિપત્તિ આવી પડે છે અને તેના ઉપર જય મેળવવાથી, દમન કરવાથી સુખ પ્રાપ્તિ થાય છે. પ્રત્યેક વ્યક્તિને માટે બે માર્ગ ખુલ્લા છે. જે માર્ગે જવા ચાહે તે માર્ગે જઇ શકે છે. ખેદની વાત છે કે આપણે આપણાં શરીરનું સ્વાસ્થ્ય જાળવવા માટે ઇન્દ્રિય દમન (Self-control) ઉપર બિલ્કુલ ધ્યાન આપતા નથી. જે કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનું પૃથક્ વિવેચન કરવાની આવશ્યકતા નથી.

હવે આપણાં આરોગ્યને માટે જે ઉપાયોનો આશ્રય લેવો અત્યંત આવશ્યક છે તેમાંના કેટલાકનો ઉલ્લેખ અત્ર કરવામાં આવે છે.

સહુથી પહેલો ઉપાય બ્રહ્મચર્ય છે. શું તમે અનેક બ્રહ્મચારી મહાપુરૂષોનાં નામ નથી સાંભળ્યા ? શું તમે જાણો છો કે એ સઘળા લોકોનાં અતુલ સામર્થ્યનું રહસ્ય શું હતું ? એટલું તો સિદ્ધ છે કે બ્રહ્મચર્ય જ આરોગ્ય, બલ અને વીર્ય ઉત્પન્ન કરનાર છે. બ્રહ્મચર્યથી જ વીર્યનું રક્ષણ થાય છે અને સંસારમાં સુખનાં નામથી જે વાતો પ્રસિદ્ધ છે તે સર્વની પ્રાપ્તિ થાય છે. એક મહાત્માનું કથન છે કે “ વીર્યએ શક્તિ છે, શકિત એ જીવન અને તારૂણ્ય છે, શક્તિની ન્યૂનતાને વૃદ્ધાવસ્થા કહેવામાં આવે છે, અને શક્તિનો નાશ એજ મૃત્યુ છે.” તાત્પર્ય એજ છે કે આપણે કોઇ એવું કાર્ય ન કરવું જોઇએ કે જે વડે આપણાં બ્રહ્મચર્યની હાનિ થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્નાન, ભોજન, સ્વચ્છતા આદિ.

આ વિષયોનું શિક્ષણ આપણા લોકોને બાલ્યાવસ્થાથી જ મળવું જોઈએ. શારીરિક સ્વાસ્થ્યને માટે ઉક્ત વસ્તુઓની આવશ્યકતામાં લેશ પણ સંદેહ નથી; પરંતુ તેના તરફ દુર્લક્ષ કરવાથી–બેદરકાર રહેવાથી ઘણીજ હાનિ થાય છે. આજકાલ ડૉકટરોની પણ એજ ફરિયાદ છે કે હિંદુસ્તાનીઓમાં સ્વચ્છતા અને સુઘડતા તરફ ઘણુંજ ઓછું ધ્યાન આપવામાં આવે છે અને તેને લઈને તે લોકો હમેશાં રોગી અને નિર્બલ રહે છે. વાત સાચી છે. તેનો એક માત્ર ઉપાય એજ છે કે એ વિષય ઉપર કંઇક વ્યવહારિક શિક્ષણ આપવાનો પ્રબન્ધ આપણી શાળાઓમાં કરવો જોઇએ. વિસ્તાર થઇ જવાના ભયથી એ વિષયના નિયમોનું વિવેચન અહિં કરવામાં આવતું નથી.

વાયુસેવન તથા વ્યાયામ.

આપણા આયુર્વેદીય ગ્રન્થોમાં કહ્યું છે કેઃ—

लाघवं कर्मसामर्थ्यं दीप्ताग्निं मेदसःक्षयम् ।
विभक्तघनगात्रत्वं व्यायामादुपजायते ॥

અર્થાત્ કસરત કરવાથી શરીર હલકું તેમજ કામ કરવામાં સમર્થ રહે છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, સ્થૂલતા દૂર થાય છે, અને શરીર પુષ્ટ બને છે. જેનું શરીર વ્યાયામથી દૃઢ બનેલું હોય છે તેને કોઇ પણ દિવસ વ્યાધિ સતાવતી નથી. રમત ગમત, કસરત, વાયુસેવન આદિ વ્યાયામના અનેક ભેદ છે. હર્ષની વાત છે કે આજકાલ આ વિષય ઉપર કંઇક અધિક ધ્યાન અપાવા લાગ્યું છે. આ વિષય ઉપર અનેક મહત્વપૂર્ણ સ્વતંત્ર ગ્રન્થો લખવામાં આવેલા છે. છતાં આ સ્થળે એટલી સૂચના આપવાની આવશ્યકતા છે કે બુદ્ધિના વિકાસની જેટલી આવશ્યકતા છે તેટલીજ શરીરનાં સ્વાસ્થ્યની પણ છે. એટલા માટે ભૂલથી પણ વ્યાયામ તરફ દુર્લક્ષ કરવું જોઇએ નહિ.

નિદ્રા.

ભોજનની માફક નિદ્રા પણ પ્રાણુરક્ષાને માટે આવશ્યકીય છે, સુખમય મધુર નિદ્રા પ્રાપ્ત કરવા માટે આપણે દિવસના ભાગમાં પોતાની શક્તિ અનુસાર પરિશ્રમ કરતા રહેવું જોઇએ. હદથી વધારે સુવાથી યાને જાગવાથી અનેક પ્રકારની બીમારીઓ પેદા થાય છે, એટલા માટે પોતાની અવસ્થાની આવશ્યકતાનુસાર જ નિદ્રા લેવી જોઇએ. પ્રાકૃતિક નિયમાનુસાર, નિદ્રાનો સમય રાત્રિજ છે. તેથી દિવસના ભાગમાં મજબૂત કારણ વગર નિદ્રા લેવી જોઇએ નહિ. બાળકોને માટે દશ વાગ્યાથી વધારે જાગતા રહેવું એ હાનિકારક છે. અંગ્રેજીમાં કહેવત પ્રસિદ્ધ છે કે.—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" Early to bed and early to rise,
Makes a man healthy, wealthy and wise."

(રાતે વ્હેલા જે સુઇ, વ્હેલા ઉઠે વીર;
બલ, બુદ્ધિ, બહુ ધન વધે, સુખમાં રહે શરીર.)

માનસિક સ્વાસ્થ્ય.

સ્મરણમાં રાખો કે શરીરની સુસ્થિતિનું સૂક્ષ્મરૂપથી મન જ મૂળ કારણ છે. આપણાં શરીરમાં જેટલા રોગ ઉત્પન્ન થાય છે તેમાંના પ્રાય: સર્વ રોગોનું સૂક્ષ્મ બીજ પ્રથમ આપણાં મનની અંદરજ ઉત્પન્ન થાય છે, સુપ્રસિદ્ધ વિદ્વાન લૅાર્ડ એવબરીનું કથન છે કે " Many bodily ailments have their origin in the mind." ક્રોધ, ઇર્ષ્યા, દ્વેષ, દુ:ખ, ભય, ઉદાસીનતા, સંતાપ, ચિંતા આદિ માનસિક વિકારોથી આપણાં આયુષ્ય તથા બળનો ક્ષય થાય છે. જો આપણે ઉક્ત માનસિક વિકારોને આપણે આધીન રાખવાનો પ્રયત્ન કરીએ તો પછી સ્વાસ્થ્ય રક્ષાના અન્ય નિયમોનું પાલન કરવાથી પણ કાંઇ વિશેષ લાભ થશે નહિ. એ તો જાણીતી વાત છે કે સેન્ડોની વ્યાયામ પદ્ધતિમાં મનની ઇચ્છા–શક્તિને જ પ્રાધાન્ય અને મહત્વ આપવામાં આવ્યું છે. તાત્પર્ય એટલુંજ છે કે શારીરિક સ્વાસ્થ્ય માટે કાંઇ ઉપાયનું અવલંબન કરતી વખતે આપણે આપણાં ચિત્તની પ્રસન્નતા ઉપર ખાસ ધ્યાન આપવું જોઇએ. જો આપણું મન પ્રસન્ન, આનંદિત, શાંત અને આપણાં સ્વીકૃત કાર્યમાં એકાગ્ર રહેશે તો વ્યાયામ આદિ ઉપરોક્ત ઉપાયોથી આપણું શારીરિક સ્વાસ્થ્ય સારૂં રહેશે એમાં લેશ પણ સંદેહ નથી.

સારાંશ એ છે કે આરોગ્યતાથી આ સંસારમાં સકળ સુખની પ્રાપ્તિ થઇ શકે છે. જીવન–સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવાનો એજ સૌથી મહાન અને પ્રથમ ઉપાય છે, તેની સિદ્ધિ અર્થે બ્રહ્મચર્ય, સ્નાન, ભોજન, સ્વચ્છતા, વાયુસેવન, વ્યાયામ, નિદ્રા, માનસિક સ્વાસ્થ્ય આદિ જે ઉપાયોનું સંક્ષિપ્ત વર્ણન અત્ર કવામાં આવ્યું છે તેના ઉપર અનેક સમર્થ વિદ્વાનોએ મહત્વપૂર્ણ ગ્રંથો લખ્યા છે. જો આપણે શારીરિક આરોગ્ય ઉપર યોગ્ય ધ્યાન નહિ આપીએ તો આપણે હમેશાં એમજ કહેવું પડશે કે ' શરીર રોગોની ખાણ છે ' ' આ સંસાર અસાર છે. ' રોગગ્રસ્ત મનુષ્ય પોતાનાં કુટુંબને ભારરૂપ થઇ પડે છે, એટલુંજ નહિ પણ તે પોતે પોતાના જીવનને પણ ભારરૂપ અને કંટાળા ભરેલું ગણવા લાગે છે. આ સંસારમાં વ્યાધિથી અધિક ભયાનક શત્રુ કોઇ નથી. તેનાથી આપણાં શરીરને હમેશાં બચાવી રાખવા ઉદ્યમશીલ રહેવું તે પ્રત્યેક મનુષ્યનું પ્રથમ પવિત્ર કર્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જગત માટે જૈન મહાત્મા પ્રાપ્ત કરવાની યોજના.

(ગતાંક પૃષ્ટ ૨૩૦ થી શરૂ.)

વિદ્યાર્થી માટે ઔદ્યોગિક શિક્ષણ.

બીજું શિક્ષણ આ વર્ગ મુનિઓ માટેના સાધનોદ્વારા લઇ શકશે પણ ઉદ્યોગનું શિક્ષણ અલગ રાખવું જોઇએ. ઉદ્યોગો કપડાં શીવવા કે પાટી વણવી, એવા કોઇ એકના એકજ નહીં પણ કંઇ ઉંચા પ્રકારના તેમજ વ્યાપારી શિક્ષણ કે એકાદ કળા સારા સાધનો દ્વારા આપવી. જેમાં મહેનત ઓછી, મોભો જળવાય, બુદ્ધિની જરૂર પડે, સામાન્ય શારીરિક મહેનત પણ ખરી અને પૈસાની પ્રાપ્તિ સારી, આવા શોધી કાઢવા જોઇએ.

આ સંસ્થાથી જે સાધ્ય છે તે બીજી રીતે અશક્ય છે.

આ સંસ્થાથી જે સાધ્યો રાખેલા છે તે સાધ્યો બીજી રીતે સિદ્ધ થવા અસંભવિત જણાય છે; કેમકે જૈન શાસનનો ઉદય આજ કામથી થઇ શકે તેમ જણાય છે. આ કામ કે આ જાતના બીજા કામ સિવાયના પ્રયત્નો જૈન કોમના ઉદય માટે કરવામાં આવે. પણ ભય એ રહે છે કે જૈન શાસનનો ઉદય કરવાના સાધન દ્વારા જૈનત્વ ખીલવ્યા વિના જૈન કોમનો ઉદય કહી શકાશે નહીં. માત્ર કોમનો ઉદય થાય એટલુંજ કહેવું જોઇએ. જ્યારે જૈનત્વ રહે ત્યારે એક સમાજ ઉપર જે તત્વને લીધે એક નીશાની લાગી છે તે ઉડી ગઇ એટલે તે કોમ હીંદની પ્રજા ગણાય, પણ જૈન કેમ ગણાય? આ રીતે જૈનત્વ ઉડી ગયું. ખેર એમજ કરવાની જરૂર વિચારકોને જણાય તો ભલે તેમ થવા દો, પણ જૈનની જરૂર જણાય તો અવશ્ય ઉપરની સંસ્થા કરો કરોને કરોજ. જો જરૂર છે, તો ગમે તે ઉપાયે કરો. મુશ્કેલ છે એમ કહો તો દરેક બાબત મુશ્કેલ હોય છે, પણ તે ઉપાય સાધ્ય હોય છે. અશક્ય છે, એમ કહો તો હજુ તમારામાં અશક્તિ છે, એનો પણ સ્વીકાર કરી લેશો તોપછી ભવિષ્યમાં પરીણામ સારાં નથી. મોટા આંચકા લાગશે. આ સ્થિતિ શાસનની છે, તેમાં પણ ઘટાડો જોશો. પછી કેટલાંક નુકશાન ખમીને કરવા કરતાં શકિત પ્રમાણે પહેલેથીજ કેમ નહિ કરવું? ખરેખર વખતે ધર્મભાવના ઘટી ગયા પછી બીજાઓના આઘાત અને પરાભવો સહન કર્યા પછી, શકિત ક્ષીણ થઇ ગયા પછી કરશો? હા. તો ફાવશો કેવી રીતે? તેના કરતાં સવેળા ચેતો, ઘણાજ આઘાતમાંથી બચશો. ભવિષ્ય માટે બચાવ શોધી શકશો. આજ જે પાછળ પડી ગયા છીએ તે લગભગ સાથે થઇશું. છેવટ જમાનાની સાથે રહી હિંદુસ્થાનમાં આગળ વધેલાઓ સાથે લગભગ પહોંચી જઇશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પ્રમાણે ચારે તરફથી વિચાર કરી મુળ સિદ્ધાંતો ઉપર પાયો રચી પ્રસંગ પ્રમાણે મુત્સદ્દીપણું અને યોજનાશકિતને બળે જ આગળ વધવું. એક એક સાધનને અનેક દૃષ્ટિથી સાધવું. એક કામમાં અનેક સાધ્યો સિદ્ધ કરવાં. આકર્ષતા અને લોકમત ખાતર સંસ્થામાં મુળ સ્વરૂપમાં રહીને આંતરશુદ્ધિ બરાબર રાખીને જે બાહ્ય દેખાવ કરવો, તેનું નામ કેટલાક આડંબર કહે છે, પણ આનું નામ હું વ્યવહારૂતા કહું છું. આજ વ્યવહારૂતાને લીધે આપણી પ્રજા પર તે યુક્તિમાં નિપુણ પ્રજા રાજ્ય કરે છે. સમર્થ પ્રજામાં કેમ રહેવું અને સામાન્ય પ્રજામાં કેવી રાજનીતિ રાખવી, એવા સુક્ષ્મ પ્રકારો અને ફળમુખી ઉપાયોની યોજના એજ વ્યવહારૂતા છે, માત્ર આંતરીક શુદ્ધિ વિના આડંબર તેજ આડંબર કહેવાય છે. આપણામાનાં કેટલાક વ્યવહારૂતાનો એવો અર્થ કરે છે કે લાંબા વિચાર કરવા નહીં, વધારે હાથ પગ હલાવવા નહીં, વધારે ઉંડી તપાસ કરો નહીં, પણ જે સાધનો પ્રાપ્ય હોય, તમારી પાસે હાજર હોય, તે ઉપરથી કામ શરૂ કરો. આગે આગે ગોરખ જાગે. આને વ્યવહારૂતા કહે છે. પણ આનું નામ વ્યવહારૂતા નથી. કામ કરનારે ઉંડા ઉતરવાની દરેક દિશા તપાસી લેવાની અને દરેક દીશાઓ વચ્ચે પોતાનો રસ્તો શોધવો અને નવીન છતાં ચાલુ જણાય ચાલુ છતાં નવીન જણાય આવા કાર્યના અંગોની ખીલવણી એજ વ્યવહારૂતા ગણાય, કાર્યોને વ્યવહારૂ બનાવવાએ બહુ કઠીણ કામ છે. તેમાં આપણા દેશના લોકો તો એ બાબતથી કોઇ કોઇજ જાણીતા છે. અંગ્રેજો પાસેથી મોજશોખ અને ખાલી અનુકરણો આપણે શીખ્યા પણ તેઓની આ કળા આપણે શીખ્યાજ નથી, કામ આપણે એઓની પદ્ધતિથી તેઓની સામે સ્પર્ધા કરવા માટે કરીએ છીએ પણ આવડત વ્યવહારૂતામાં મોટો ભેદ છે.

નાના પાયા ઉપર કામ કરવામાં શી અડચણ ?

આ યોજનામાં કામ લાંબા સરકલથી બતાવવામાં આવ્યું છે. પણ જો ટુંકી રીતે કામ કરવામાં આવે તો પુરતી યોજના નહીં હોવાને લીધે બીજા મદદના સાધનો ઉત્પન્ન કરવાની સગવડ કે ભવિષ્યના સંજોગોને પહોંચી વળવાની સગવડ મળેજ નહીં, એટલે પછી જે થોડી ઘણી વ્યકિતઓની ઘણી મહેનતથી જે કંઇ થાય તેનો કંઇ અર્થ રહેજ નહીં. આવા કામો તો ઘણાએ થાય છે, અને લય પામે છે. એકાદ બે કે પાંચ વિદ્વાનો રોકીને અમુક સંખ્યામાં અને અમુક છુપી રીતે મહેનત કરીને તૈયાર થાય પણ તેનો પ્રવાહ ચાલવાનો નહીં. તે કામમાં છેવટે દરેક અંગોને કંટાળો અને અસંતોષજ રહેવાનો, વળી પાયો ગમે તેવો નાનો હોય પણ કામ કરનારનું લક્ષ્ય આ લેખમાં બતાવ્યા પ્રમાણે વિસ્તૃત હોવું જોઇએ. અને તે લક્ષ્ય સીદ્ધ કરવા જે જે ઉપાયો જેવી જેવી રીતે શકય તેવી રીતે શરૂ કરી દેવા જોઇએ. તોજ તે પાછળથી વ્યાપક બની જાય, પણ કાચા પાયા ઉપર કામ કર્યે જવું તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગળ વધાય નહીં. આવી રીતે ઘણા કામો ચાલે છે. તેમાં આ કામની કાંઇ પણ વિશેષ મહત્તા નથી. ટુંકી રીતે કરવું એટલે એક આચાર્ય પાસે કે ગચ્છના કે સંઘાડાના આગેવાની નીચે જે આપણા નાના નાના ગુરૂકુળો ચાલી રહ્યા છે, તેથી આ જમાના પ્રમાણે શું ફળ જુઓ છો ? તેવીજ રીતે કોઇ એવો નાનો વિભાગ પાડીને કંઇક થોડી ઘણી યોજનાથી ઉભું કરવામાં આવે તો તેનો લાભ પણ એટલોજ છે. સંચાલક વ્યક્તિઓ ગઇ, કે જેના બળ પરજ કામ હતું તે વ્યક્તિઓનો સંબંધ છુટયો એટલે કામ જમીન દોસ્ત. યુરોપની સંસ્થાઓમાં આમ બનતું નથી. તેનો પ્રવાહ અખંડ ચાલ્યા કરે છે. કામ કરનારા મોટા પ્રમાણમાં મળી આવે છે. કેમકે સંસ્થા શરૂ કરતી વખતેજ તેઓનો આ ખ્યાલ હોય છે. અને તે ખ્યાલને લીધેજ તેઓ સંસ્થાની શરૂઆતથીજ એ બાબતની પણ તૈયારી શરૂ કરી દે છે. તેઓ તરત કામમાં આવી જાય છે. આનું નામ વ્યવહારૂતા.

આપણે તો પ્રથમ કામ કર્યે જઇએ. પછી એકાએક અટકી જઇએ. આપણી સંસ્થા સારી ચાલે છે. તેનો અર્થ એટલોજ કે આરંભે શૂરાપણું છે. અથવા અમુક બોર્ડીંગે પોતાનું કામ વધાર્યું છે, સુધારો વધારો કર્યો છે એનો અર્થ એટલોજ કે વિદ્યાર્થીઓ વધાર્યા છે કે કેટલીક બાહ્ય સામગ્રી મોટી કીંમતની આપી છે. એકજ કલાર્ક પર ચાર કલાર્કનાં કામનો બોજો હોય છે. પોતાની યોજના શકિતની ખામીને લીધે પરિણામે તેનો દોષ સમાજની અજ્ઞતાને લીધે જાહેર કરવામાં આવે છે. આવી રીતે સંસ્થાઓ ચાલે છે, તેનું શું ફળ છે ? ફંડ એકઠું કરવામાં આવે છે. તેનું વ્યાજ મેળવવા પ્રયત્ન થાય છે, પરંતુ આંતર વ્યવસ્થા અને આકર્ષતા માટે પોતાનો ઉદ્દેશ સારામાં સારી રીતે સિદ્ધ કરવા જરા પણ ફેરફાર કર્યો હોતો નથી. તેનું વ્યાજ મેળવવાની શી જરૂર. તેને ખર્ચી નાંખીને કામને આકર્ષીત બનાવો એટલે લોકો એની મેળે પૈસા આપશે.

જો આમાં બતાવેલી બાબતો તરફ લક્ષ્ય રાખીને બરોબર શરૂ કરવામાં આવે તો, દશવર્ષ પછી આપણે સારા વિદ્વાન સાધુઓનું મંડળ દર વર્ષે મેળવતા રહીએ તેઓને એવી શિક્ષા અપાયલ હોવાથી તેઓ પક્ષાપક્ષીમાં લડશે નહિ. મત સહિષ્ણુતા, પોતાની સત્યતા સિદ્ધ કરવાની શકિત, સમાલોચક બુદ્ધિ, ઇર્ષ્યાનો અભાવ વિગેરે સ્વભાવો કેળવાશે. સંપ એઓનું મૂળ સુત્ર બનશે, કઇ રીતે વાતચીત કરવી, કયા કયા કામો કરવાના છે, કેવી રીતે વ્યાખ્યાન આપવાનું છે, કઈ જાતનું વ્યાખ્યાન અવશ્ય ફળ આપે છે. એ વિગેરે બાબતોથી હાલનો સાધુ વર્ગ કેટલેક અંશે અજ્ઞાત છે. તે બાબતથી તે વર્ગ વાકેફ થશે. હિંદ પ્રત્યે શું ફરજ છે, સામાજીક બંધારણ કેવું જોઇએ ? આ વિગેરે સમજશે. જૈન ગૃહવ્યવસ્થા જૈન નીતિ કેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. અને તેનો ફેલાવો જગતને કેટલો લાભદાયક છે, તેમજ તે ફેલાવો કઈ રીતે કરવો આ બધી બાબતો તેઓના જાણવામાં આવશે. પરસ્પર લડી નબળા પડવાનું વિષ તેઓમાંથી સર્વથા નષ્ટ થશે. ઉલટું સાથે અભ્યાસ કરવાથી ભ્રાતૃ ભાવ સેવા વૃતિ અને જ્ઞાન પ્રથમના ક્રમથીજ ક્રમસર શરૂ રહેવાથી જ્યારે તે દશ વર્ષે વિદ્વાન થશે ત્યારે ગુણી પુરૂષ તરીકે, અને આચારમાં તેમજ ક્રિયામાં પણ કેળવાઇ જશે. હાલ દિક્ષા લીધા પછી બેચાર મહીનામાં જે ક્રિયાઓનું શિક્ષણ મલ્યું તે મલ્યું, પછીથી તો આખા જીવન સુધી ક્રિયાનું શિક્ષણ આપવામાં આવતું નથી. કોઇ વિદ્વાન થઇ ગ્રંથોના અભ્યાસથી જાણે છે, પરંતુ પ્રથમથીજ તેની યોગ્યતા, શકિત પ્રમાણે, કંટાળો ન આવે તેવી રીતે પ્રાથમિક ક્રમથી શરૂઆત કરી શિક્ષણ અને પ્રેકટીસ નહીં કરાવેલ હોવાથી આચારમાં મુકી શકતા નથી, અહીં ક્રમસર શરૂઆત થવાથી દશ વર્ષસુધી તેની પ્રેકટીસ કરવાની, આમ પ્રતિ વર્ષે નવી નવી પ્રેકટીસ ધોરણવાર વધતી જવાની, જો કે પહેલેજ ધોરણે આપણને પૂર્ણ ક્રિયા પાત્ર નહીં જણાય, પણ દસમે વર્ષે ઘણાજ આચારોની તેને પ્રેકટીસ અને સ્વતઃ સિદ્ધિ થઇ ગયેલી જોઈશું. તેમજ આચારોનો ક્રમ અને તેનું સ્વરૂપ તૈયાર કરવા વિદ્વાન મંડળદ્વારા મહેનત ચાલતીજ રહેવાની, ચાલુ મુનીઓની અને આગેવાનોની તેમજ શાસ્ત્રજ્ઞ બીજા મુની મહારાજાઓની સમ્મતિ અને શાસ્ત્ર પુરાવાથી તેનો ક્રમ નિયત કરવાની ગોઠવણ તો રહેવાનીજ, એ ફરીથી કહેવું પડે તેમ નથીજ, પછી વિદ્વાન થઇ બહાર નીકળ્યા પછી તેઓ શું શું કરશે ? તે કંઇ અજાણ્યું નથી, તેઓનો વિહાર, તેઓનો ઉપદેશ વિગેરે અમુક ફળ પ્રાપ્ત કરનાર બનશે. દેશ વિદેશમાં વિહાર, બીજી પ્રજા સાથે સંપથી વર્તવું અને જૈન ધર્મના સિદ્ધાંતો ફેલાવવા, સામાન્ય નીતિનું શિક્ષણ આપવું આ વિગેરે કામો કરી દેશને કેળવી શકશે, અને જૈન શાસનની મહત્તા વધારી શકશે, તેમાંથી તપસ્વી, જ્ઞાની, વક્તા વિગેરે ભિન્ન ભિન્ન શક્તિધારી મહાત્માઓ નીકળશે, કોઇ ગ્રંથો લખશે, કોઇ જૈન તત્વજ્ઞાનનો ફેલાવો કરશે. વિગેરે અનેક કામો કરશે, આગળ આગળ પણ અભિવૃદ્ધિ થવાની, વળી આજથી દસ વર્ષે જે જે ભાવિ પ્રજા હિંદમાં થવાની છે તેને પોતાના ઉપદેશની અસર જો આવી સંસ્થા દ્વારા તૈયાર થયા હશે તોજ કરી શકશે, નહીંતર હાલ જોઇએ છીએ કે આપણા મુનિ મહારાજાઓના વ્યાખ્યાનમાં કેટલા માણસો કેળવાયેલા યુવાનો હોય છે ? ઘરડાઓ કે માત્ર શ્રદ્ધાળુ યુવાનો કે અર્ધ ઉમરે પહોંચેલા હોય છે, પરંતુ જો ભવિષ્યની પ્રજા મુનિ મહારાજાઓથી દૂર રહે, તેનું પરિણામ શું ? આ પરિણામ આ સંસ્થા થશે તો નહિ આવે, આગળથી કેટલોક બચાવ થઈ શકશે.

કેળવાએલા જૈન મુનિઓ દેશની કે સમાજની મહાન ભાવનાઓ, કર્તવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માર્ગ વિગેરે રગેરગમાં નાના ગામડામાં ને શહેરોમાં, અલ્પ બુદ્ધિવાળા કે વિદ્વાનોમાં ફેલાવી શકશે, તે સિવાય જે જે મહાન પુરૂષોના સંદેશા પ્રજા લાભના (એહિક પરત્ર) હશે તે દરેક ફેલાવી શકશે આ રીતે એક સમાજ પોતાનાંમાંજ સુધારો કરે તો હું કહું છું કે તે પણ સમાજનું અંગ છે. સમાજની સંસ્થામાં કેળવણી ઐચ્છિક રાખી શકાય માણસો પણ ઐછિક રાખી શકાય એમ જેમ ગોઠવણ કરવી હોય તેમ થઇ શકશે અર્થાત્ બીજું ફળ નહીં માનો તો પણ કેળવાયેલ જૈન મુનિઓ સામાન્ય પ્રજાને કેળવી આડકતરી રીતે દેશનો ઉદ્ધાર કરશે. આટલું ફળ લક્ષ્યમાં લઇને કોઈ પણ જૈન કે જૈનેતર મહાનુભાવે આ એક કામ હાથમાં લેવું જોઇએ બિલકુલ ઉપેક્ષ્ય નથીજ. કહેવામાં આવે કે બહાર જૈનેતર જગતમાંજ પ્રવૃત્તિ કરવી આવશ્યક છે સાધુને કેળવવાનો જમાનોજ નથી તેમ કરવાથી આ એક દેશનું અંગ નબળું રહેશે અને તે નબળાઇ ક્યાંક આડે આવશેજ એટલા ખાતર પણ સાથે સાથે આ કામ કોઇ પણ જૈને છેવટે કોઇ પણ હિંદિએ કરવાનું છે. કંટાળવાનું નથી આ સમાજ તૈયાર નથી તેમાં અમુક અમુક ખામીઓ છે કેવી રીતે કામ કરીએ ? આવો વિચાર કરનાર ક્યાંય પણ કામ કરી શકશે નહીં.

માત્ર કામ કરનારે એ પરીસ્થિતિથી વાકેફ થવું જોઇએ કે સમાજ કઇ સ્થિતિમાં છે ? ક્યા લક્ષ્ય તરફ લઇ જવી છે આ બે સ્થિતિનું સારામાં સારૂં જ્ઞાન કરીને જે જે ભાગોમાં કે અંશોમાં જલદી ને જાણવા જેવો સુધારો થઇ શકે તે અને પુર્ણ કાર્ય દક્ષતા કાર્ય કુશળતા કે મુત્સદ્દીપણાથી અને પોતાની તે કાર્ય કરવાની શક્તિના બળથી વ્યવહારૂ યોજના (જેનો આ લેખમાં અર્થ કર્યોછે તેવી વ્યવહારતા) ના બળથી કામ કર્યે જાય. બીજી તૈયાર સમાજમાં કામ કરવાથી જે ઉંચા નંબરનું એટલે ૧૬મા નંબરનું ફળ મળવાનો સંભવ હોય તેટલોજ પ્રયત્ન કરવાથી તેટલાજ ટાઈમમાં પણ કદાચ ૧૪મા નંબરનું ફળ મળે છે પણ ૧૬મા નંબરના ફળની બરોબર છે કારણકે મહેનત સરખી છે કારણ પ્રમાણે કાર્ય કરનાર મહાશય ! જો પહેલે પગથીએ સમાજ હોય તો તેને માટે પ્રાથમિક સાધનોની યોજના કરીને આગળ ખેંચો તો અવશ્ય તેમાં ફેરફાર થયેલો (ફળ) જણાશે અને ઉત્સાહ તથા આનંદ વધશે પણ ઉંચા નંબરની યોજનાથી કામ લેવામાં આવે તો ફળમાં શૂન્યતા કંટાળો આવશે આ કામ કરવાની રીતિ છે.

છેવટે એટલુંજ કે.

જો કોઇ પણ દષ્ટિથી આ કામ કરવાનું સિદ્ધ થાય તો પછી અવશ્ય મહાવીર તરફ પ્રેમ રાખનારે શરૂ કરવું જોઇએ. ખરી રીતે આ ફરજ જૈન સંઘની છે, સ્થિતિ અને પ્રામણ્ય સમજવા પછી પણ જો જૈન સંઘ આ પ્રમાણે કરવામાં કંઇ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પગલા ન લે તો પછી શું સમજવું ? બસ કંઇપણ કહેવાનુંજ હવે બાકી રહેતું નથી. (જૈન સંઘ એટલે આગળ પડતા સમજુ આગેવાનો) સમજવા છતાં હાથ પગ ન હલાવે તો કેવી રીતે તરી શકાય ? છતાં તરવાની અભીલાષા અને બુમો પાડે તે કેવળ દંભજ માનવો. અર્થાત્ જેના મનમાં મહાવીર અને તેના શાસન તરફ પ્રેમ હોય તે આ સ્થિતિ જોઇને કર્તવ્ય નિષ્ઠ તુરતાતુરત ન બને એ વાત બનેજ નહીં. તેમાં જેટલો વિલંબ તેટલી પ્રેમમાં ન્યુનતા. અમારામાં ન્યુનતા નથી પણ કઇ રીતે કરવું એ અમે જાણીએ નહીં, ત્યાંસુધી શું કરીએ ? આ સવાલ રહે છે. તેનો પણ ઉતર આપું છું. સમજવા છતાં–વસ્તુની કિંમત સમજવા છતાં બીજી કેટલી અલ્પ ફળવાળી કે તદ્દન અંધ પ્રવૃત્તિઓને વોસિરે વોસિરે (ત્યાગ) ન કરવામાં આવે અને આવા કામનેજ પોતાનાં જીવનનું કર્તવ્ય ગણવામાં ન આવે તો પછી કઇ રીતે શાસનોદયની અભિલાષા રાખી શકાય ? બાકી ભવિષ્યમાં થનાર મહાત્માની આશાએ બેસી રહેવું તે કંઇ ઠીક નથી. કેમકે ભવિષ્યમાં મહાત્મા તૈયાર કરવા પણ આજથી ક્ષેત્ર ખેડવું જોઇએ. જો આજથી તેને માટે પ્રયત્ન કરવામાં આવે તોજ ભવિષ્યમાં મહાત્માની પ્રાપ્તિ થાય. હમેશ વર્તમાન પ્રજાજ ભાવિ પ્રજા ઘડે છે. જૈન રાજા બનાવવામાં કેવળ હેમચંદ્રાચાર્ય મહારાજનો પરિશ્રમ છે એમ ન માનવું. તેનું બીજ શિલગુણસૂરીથી રોપાઇ ગયું હતું. તે આચાર્ય મહારાજના સમયમાં પલ્લવિત થયું. યશોવિજય મહારાજ ૧૮ મા સૈકામાં વિદ્વાન થયા તેનું બીજ સોળમા સતરમા સૈકામાં હિર વિજય સૂરિના વખતમાં રોપાઇ ગયું હતું. તો આવી રીતે બીજ રોપી મુકવાની હાલના સમાજના આગેવાનોની ફરજો છે. સંસ્થામાંથી બહાર પડેલા મુનીઓ દરેક રીતે તૈયાર થશે એટલે પછી પગારદાર રાખીને જે કામ ચલાવ્યું હોય તે કામ પાછળથી તેઓ તૈયાર થયેલા ઉપાડી લેશે અને કેટલાક ભિન્ન ભિન્ન દેશમાં ફરતા જંગમ ગુરૂકુળો ચલાવી શકશે. આ આપણી પ્રાચીન મુનિઓની પદ્ધતિ હતી પણ આ સ્થિતિની આશા હાલ નકામી છે આવી રીતની સંસ્થામાંથી એવી સ્થિતિ પ્રાપ્ત કરી શકાશે પણ સંસ્થા વિના તાત્કાલીક મેળવવી અશક્ય છે માટે તેજ આપણી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે સંસ્થા કરવા વ્યવહારૂ યોજના છે.

જો કદાચ નીચે પ્રમાણેનું સાધન હાલ આપણા હાથમાં હોય તો આ સંસ્થાની ગોઠવણ વિનાજ આપણી મૂળ સ્થિતિ પ્રાપ્ત કરી શકીએ—એક પણ એવી વ્યક્તિ હોય કે જે જે સમગ્ર જૈન શાસ્ત્રો અને બીજા બાહ્ય—અનેક શાસ્ત્રોનું જ્ઞાન હોય, ચારિત્ર બળ, કર્તવ્ય શક્તિ ઉંચા પ્રકારની હોય, દરેક કામો પ્રત્યે દરેક સૂક્ષ્મ બાબતોમાં જેની બુદ્ધિ પસાર પામી જતી હોય, હજારો મનુષ્યોપર જેનો કાબુ હોય તેમજ દરેકની જરૂરીયાતો પુરી પાડવા જેટલી શકિત ધરાવતા હોય તો તેજ દીર્ઘાયુષી મહાનુભાવ આદર્શ પુરૂષની જ્ઞાન શક્તિ શિષ્યોમાં અભ્યાસ દ્વારા સંક્રાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાય અને ગુણો તેમજ આચાર વિચારનો દેખાવથી—આદર્શના આદર્શપણાથીજ સંક્રાંત થાય. આમ ક્રમવારથી બુદ્ધિમાન મહાનુભાવોને તેઓ જગતમાં વારસારૂપે મૂકી જાય અને સામાન્ય બુદ્ધિના તેમના શિષ્યો તે વર્ગના ચડતા ઉતરતા ક્રમના કાર્યો કરવાના અધિકારી તરીકે ગોઠવાઇ જાય એટલે મિશન બરોબર ચાલે પણ આવી જાતના મહાન્ પુરૂષનું દર્શન આ કાળે દુર્લભ છે એટલે આ કાળમાં તેવી પદ્ધતિથી કામ થવું બિલકુલ અશક્ય છે છતાં તેવુંજ કામ કરવાની જેની ઇચ્છા હોય તો બુદ્ધિબળ ને પૈસાની સગવડથી આ સંસ્થા દ્વારા કામ સાધી શકાય. જેમકે આ સંસ્થામાં ભિન્નભિન્ન શિક્ષકોનો અનુભવ અને જ્ઞાનની છાપ તેઓ અભ્યાસીઓ પર પાડે અને ક્રિયા, વર્તનની પણ છાપ પાડે તેવી યોજના હોય તેથી દરેક બાબતોની દરેક મુનિઓમાં છાપ પડે આ રીતે ઉત્તરોત્તર જ્ઞાનને સંસ્કાર વધતા જાય, છેવટે એકાદ મહાન શક્તિ ઉત્પન્ન થઇ એટલે મહેનત સફળ થઇ જાય, તો આવી સંસ્થા સિવાય બીજો કંઇ આશ્રયજ નથી.

આમ દરેક રીતે વિચાર કરતાં આવી સંસ્થા અવશ્ય જૈન શાસનના ઉદય નિમિત્તે થવી જોઇએ.

હાલ તાત્કાલીક શું કરવું ?

E.

આ લેખ વાંચી રહ્યા પછી વાચકને એમ લાગે કે આ કામ અવશ્ય કરવા જેવું છે, અને તેમ કરવાથી જ જૈન શાસનનો ઉદય છે અને જૈન શાસનનો ઉદય એજ જૈનત્વનો ઉદય. જે કોમના ઉદય સાથે જૈનત્વનો સંબંધ હોય તે જૈન કોમ-નો ઉદય, એટલે જૈનત્વનો ઉદય અને કોમનો ઉદય એ બન્ને અલગ અલગ બાબતો છતાં છેવટનું ધ્યેય એકજ છે, તે અનુભવીઓને સમજાય તેમ છે. એક બીજાના ઉદયનો આધાર તેમજ પ્રગતિનો આધાર પણ એકબીજા ઉપર રહે છે, બન્ને ઉદયના સરવાળાનું ફળ ઓરજ છે. કોમના ઉદયના રસ્તાઓ અનેક છે તેનો અહીં વિચાર નથી એ પહેલેથીજ કહેવાઇ ગયું છે. અહીં માત્ર જૈન શાસ-નના ઉદય માટે અમે વિચાર કર્યો છે. તેનું ધ્યેય બતાવ્યું છે. તે ધ્યેય સિદ્ધ કરવા સંપૂર્ણ સાધનોથી ભરપુર સંસ્થાની યોજના પણ બતાવી છે. બતાવેલ ધ્યેય સિવાય ચાલવાનું નથી. તે સિવાય સંતોષ થવાનો નથી. તે સિવાય બીજાં કામોની જેમ નજીવું ફળ છે પણ કંઇ બીજાઓની સ્પર્ધામાં ઉતરી શકાય તેવું તો બનવાનું નથી, એટલે છેવટે બતાવેલ ધ્યેયજ સિદ્ધ કર્યા વિના સિદ્ધિ નથી. તે ધ્યેય સિદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવા મહાન પાયા ઉપરની જે સંસ્થા બતાવી, તે સંસ્થા પણ કેવી રીતે ઉભી કરવી તે ટુંકામાં બતાવવાનું બાકી રહ્યું છે. જૈન શાસનના ઉદયરૂપ સાધ્યનું કારણ સાધુઓની સ્થિતિરૂપ ધ્યેય અને તે ધ્યેય સિદ્ધ કરવા સંસ્થારૂપ સાધન, પણ સંસ્થારૂપ સાધનને જો સાધ્ય રાખીએ અને તેવી સંસ્થા આપણે કેવી રીતે ઉભી કરી શકીએ એ વિચારવાનું છે. અર્થાત સંસ્થામાં બતાવેલ સામગ્રી મેળવવા હાલ તુરતમાં આપણે શું કરી શકીએ ? એટલું બતાવી આ લેખ સમાપ્ત કરવામાં આવશે.

આ લેખ વાંચી કે બીજી રીતે જેઓ પરિસ્થિતિથી વાકેફ હોય, જેઓનું હૃદય કામ કરવા તરફ પૂર્ણપણે પ્રેરાતું હોય, જેઓ કાર્યની દિશા અને પદ્ધતિના અભ્યાસી હોય, ખરેખરી લાગણી ઉભરાઇ જતી હોય તેવા બે ચાર કે પાંચ સાત જેટલી સારભૂત વ્યક્તિઓ હોય, જેઓ આ કામનેજ પોતાનું ધ્યેય માનતા હોય, તેઓ એક સ્થળે એકત્ર મળે. આ લેખમાં જે સામાન્ય રૂપરેખા બતાવી ગયા છીએ તે દરેક બાબતો ઉપર ચર્ચા કરીને દરેક દિશાઓની કાર્યપદ્ધતિઓ, તેનાં સાધનો વિગેરે બરોબર ચોક્કસ રૂપમાં ઠરાવવા. ભલે તેને માટે કદાચ વખત જાય પણ બરોબર દરેક બાબતોને નિશ્ચિત રૂપમાં માત્ર કાગળ ઉપર આળેખવી. જે પાંચ સાત વ્યક્તિઓ મળેલી હોય તેમાંના દરેકની લાગણી એકસરખી પણ કાર્યશક્તિઓ ભિન્ન ભિન્ન હોવી જોઇએ. કોઇ પૈસાદાર કોઇ પૈસાદારોના લાગવગવાળા કે વિદ્વાન કોઇ યોજનાશક્તિવાળા કોઈ સમાજનાયક તરીકે, કે બીજી રીતે પણ શક્તિસંપન્ન વ્યક્તિએ પોતાની દરેકની સ્વતંત્ર શક્તિની બરોબર તપાસ કરી તેની નોંધ કરી સરવાળો કરવો જોઇએ, કે આપણે આટલું કરી શકીશું. જોકે આપણે ઘરમાં બેસી રહેશું તો કંઇ પણ થવાનું નહીં પણ જેટલી આપણાથી બને તેટલી પૂર્ણ જોસથી મહેનત લઇએ તો આટલું તો એકંદર આપણે કરીજ શકીએ. વધારે મદદ મળે તો જુદી વાત છે, એટલું લક્ષ્યમાં લઇ બધી બાબતની ગોઠવણ પણ તેના પ્રમાણમાં જ કાગળ પર સ્થિર કરવી. એ બધી બાબતની ગોઠવણ કરતી વખતે સમાજના અંગોની વ્યક્તિઓ તરફ નજર નાખવી અને સંસ્થાના મૂળ સિદ્ધાંતોને બાધ ન આવે તેવી રીતેજ બધાના મન સંતોષ પામે તેવી ગોઠવણ તેમજ બહારના સાધનોનો કઇ રીતે લાભ લઇ શકાય ? તેના ચોક્કસ ઉપાયો, સંસ્થામાં જોઇતાં સાધનો કઇ કઇ યોજનાથી મેળવી શકાય. આ બધો નિશ્ચય પત્ર ઉપર કરવો. આ મંડળની દરેક વ્યક્તિએ દીર્ઘદર્શીપણાથી કામ ઉપાડવા સર્વ પ્રકારે તૈયાર રહેવું જોઇએ. પછી પ્રજાના આગેવાનો પાસે આ યોજના મુકવી જોઇએ. દરેકના હૃદયને પસંદજ પડાવવી જોઇએ, તેઓને વિશ્વાસ ઉત્પન્ન થાય તેવી રીતે તૈયાર તો રહેવુંજ જોઇએ. બીજી પણ અવાન્તર સામગ્રીઓ માટે કંઈક ન્યુન શક્તિવાળા માણસોના મંડળો કરીને વિચાર કેળવી, સામગ્રીઓ ઝપાટાબંધ મેળવવાના પ્રયત્નો થઇ ગયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય તેમ છતાં સામગ્રી ન મળે તો વધારે સરળ અને વ્યવહારૂ યોજનાથી સામગ્રી મેળવવી. સ્થાન અને ચાલુ મકાન કે નવું મકાન તૈયાર કરાવવું જોઇએ. ફંડ એકઠું થવા લાગે. આવી મોટી હીલચાલથી કામ શરૂ કરવું જોઇએ. આવી મોટી હીલચાલ આ મંડળે કરવી (જેનું નામ કેન્દ્ર આગળ ઉપર આપ્યું છે) પછી એકાદ વર્ષમાં કે બે વર્ષમાં પૂર્ણ સગવડ એકઠી કરી તૈયારી થઇ ગયા પછી તુરત ઉમેદવારો અને પગારદારો અમુક ટાઇમે આવી જાય તે પહેલાં બિલકુલ કોઇ ન જોઇએ. માત્ર સગવડ મેળવતી વખતના માણસો આવશ્યક જ છે.

આટલી અંદરની સગવડ કરવી. સંસ્થાની બધી સામગ્રી મેળવતાં પહેલાં જે જે પ્રવૃત્તિઓ કરવી તેમાં ખર્ચવા ખાતર એક સારી રકમ જોઇએ, અને તે રકમ આપનાર ખરેખર જૈન શાસનનો ઉદય કરનારી આ સંસ્થાનો મજબુત પાયો નાંખી શકશે. જ્યાંસુધી આ કામને માટે પ્રાથમિક રકમ આપનાર કોઇપણ જૈન ગૃહસ્થ ન મળે ત્યાંસુધી એમજ માનવું કે હજુ જૈન સમાજમાંના લોકો પૈસા ખર્ચે છે પણ કેમ અને કેવી રીતે ખર્ચવા તેનું તેમને હજુ જ્ઞાન જ નથી. જે આ સંસ્થાની કીંમત સમજે છે, જે ખરા કામની કીંમત સમજે છે, જે બાહ્ય નામ ખાતર કે ટુંકી બાબતમાં પૈસા ખર્ચી વાહવાહથી ભોળવાઇ જનાર ન હોય અને મહાવીર તરફ પૂરો પ્રેમ હોય, મહાવીરના શાસનની ઉન્નતિ કરવા ખરો પ્રેમી હોય તેજ આ પ્રમાણે પૈસા આપી શકે. પણ તેણે યાદ રાખવાનું કે આવું મોટું કામ શરૂ થાય અને તેનું નામ છુપું રહી જાય એ બનશેજ નહી. આપોઆપ તેનું નામ જૈન કોમના અને જૈન શાસનના ઇતિહાસમાં કાયમથી રહી જવાનું, કેમકે આવા મોટા પાયા પર શાસનનો ઉદય કરનારી આ સંસ્થા એક જૈન શાસનનો ઐતિહાસિક બનાવ ગણાશે. તેની નોંધ પ્રસંગે તેના પાયામાં તેનું મૂળ રોપવામાં કામ કરનારા અને તેમાં પૂર્ણ પૈસાની મદદ આપનારની નોંધ અવશ્ય રહેવાનીજ. આવી રીતે સમજાયા છતાં પણ જો પૈસા આપનાર ન મળે, આ કામમાં પૈસા આપવા એ પોતાની ફરજ ન સમજે એવા પૈસાદારે કદી શાસનના ઉદયની વાતો કરી દંભ ન કરવો. એવી એક પણ વ્યક્તિ ન મળે તોપછી હજુ જૈન શાસનને યોગ્ય કામો કરવાની વાર છે. બાકી બીજા નાના નાના કામોમાં છુટા છવાયા પૈસા ખર્ચી નાખવાથી સંતોષજનક ફળ નથી.

આ ઉપરથી એ કહેવા ધારૂં છું કે શ્વેતામ્બર જૈન સંઘમાંથી યોગ્ય રીતે કામ કરનાર, યોગ્ય કામમાં પૈસા આપનાર, કામ કરવા સબળ લાગણી ધરાવનારા, સંસ્થાના કોઇ પણ વિભાગમાં કામ કરી શકે તેવાઓને એકઠા કરવા અને તેઓ આગળ બતાવી ગયા તેવું મોટું કામ ઉભું કરે તેવી ગોઠવણમાં ગુંથાઈ જાય એવા મંડળને હું કેન્દ્ર કહું છું. આવું કેન્દ્ર પોતાનું કામ કર્યે જાય, તેને અંગત જરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રીયાતો પુરૂં પાડનાર ફંડમાં નિ:સ્વાર્થપણે ધનભોગ ચલાવનાર જોઇએ. ફળની ઈચ્છા વિના, બીજા ચાલુ સખાવતોના ખર્ચમાંથી રકમ બચાવી, વાહુવાહુની ઇચ્છાને તિલાંજલી આપી ખરા શાસનોદયની લાગણીવાળો જ ગૃહસ્થ ધન રોકી શકે, બીજાનું આ કામ નહીં. આડાઅવળા ખર્ચો કરવા કરતાં આવા કામને વિશેષ ઉપયોગી જાણી બીજા ખર્ચમાં સંકોચ કરનાર વ્યક્તિ શુદ્ધ ઉદ્દેશો સમજી શકે છે એમ માનવાને કારણો છે.

આવી રીતે આ ફંડમાંથી કેન્દ્રમંડળ પોતાની સંપૂર્ણ યોજનાઓ ઘડે, તેને વ્યાપક બનાવવા તૈયાર થાય અને સંપૂર્ણ બળથી કામ શરૂ કરે અને પાર પાડે તો પછી ધનની ત્રુટી રહેવાની નથીજ. પણ જયાંસુધી છુપી તૈયારી કરવાની હોય છે, અને જાહેર પ્રજાનું તે તરફ ધ્યાન ગયું નથી હોતું તેની સત્યતા અને ઉપયોગીપણું નથી સમજાયું, ત્યાંસુધી કેન્દ્રમંડળમાં નિ:સ્વાર્થપણે ધન વ્યય કરવાની અવશ્ય જરૂર ખરી કે નહીં? આવું હજુ સુધી જૈન સમુદાયમાં કેન્દ્રમંડળ છેજ નહીં. કૉન્ફરન્સને કદાચ માનવામાં આવે પણ તે અયોગ્ય છે. કૉન્ફરન્સના ઉદ્દેશો સ્તુત્ય હોય છે, પણ તેવી ગોઠવણ નથી.

વિદ્વાન્ મુનિઓ અને ગૃહસ્થો, તેમજ લાગણીવાળી વ્યક્તિઓ ભલે થોડી હોય તેનુંજ કેન્દ્ર બનવું જોઇએ. જે વ્યક્તિઓ ઉત્તમોત્તમ વ્યક્તિઓ હાલના પ્રમાણમાં હોય તેવા માણસો જોઇએ. લાગણીવાળા ઘણા સમાજમાં હશે, કેટલાક માત્ર ધર્મ પર ઓઘ સંજ્ઞાથી પ્રેમ રાખનારા હોય છે, તેઓનું આ કેન્દ્રમાં કામ નહીં. જેઓ સમાજનું ભવિષ્ય ઘડી શકે તેવા હોય તેવાજ આ કેન્દ્રમાં લઇ શકાય. કેન્દ્ર રચનાર મુનિ કે ધનવાન ગૃહસ્થની સૌથી પહેલી જરૂર છે. આ કેન્દ્ર બળ પર આવ્યા પછી જે જે કામો યોગ્ય હશે તેને ઉત્તેજન આપશે, બીજાને ઓછું વજન આપશે અને છેવટે બિલકુલ વજન પણ ન આપે. નવાં કામો યોગ્ય હશે તેનેજ શરૂ થવા દેશે. આ રીતે કેટલોક અંકુશ મુકાશે અને આગળ વધશે. એજ.

प्रकाशितं मया ज्ञानं भुवि जैनत्वख्यापकम् ।
दानीकृतं जगत्कृते सनातनसुखप्रदम् ॥ १ ॥

"જગતમાં જૈનત્વને પ્રસિદ્ધ કરનાર અને એટલાપરથી ખરૂં સુખ આપનાર આ મારો અનુભવ જાહેર કર્યો છે અને જગતને માટે અર્પણ કર્યો છે."

લેખક,
પંડિત પ્રભુદાસ બેહેચરદાસ.
મુ. પાટણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપમિતિ ભવ પ્રપંચા કથા અંતર્ગત કેટલાએક ઉપયુક્ત વચનોનો 'અનુવાદ'

લેખકઃ–સદ્ગુ૦ કપૂરવિજયજી, સિદ્ધક્ષેત્ર.

૧ મહા પુરૂષનું સાનિધ્ય (તેમની સમીપતા) અતિશય ચમત્કારી હોય છે.
૨ કુશીલ જનોની દૃષ્ટિ અતિ વિષમ–હાનિકારક હોય છે.
૩ મોક્ષ પર્યન્ત સહાયકારી પુન્યાનુબંધી પુન્યનો જોગ મળવો અતિ દુર્લભ છે.
૪ નીચ કાર્ય કરવાનો સંકલ્પ જીવને ખરા સુખથી બેનશીબ રાખે છે.
૫ ભવિષ્યનો વિચાર કરી કોઇ કાર્ય કરવું–વગર વિચારે ઝંપલાવું નહીં.
૬ મોહ દોષના જોરથી જીવ મહા હાનિકારક વિષય ભોગ વડે છળાયા કરે છે.
૭ મહાત્માઓ અનુચિત કાર્યથી પાછાજ ઓસરતા રહે છે.
૮ સદ્ વિચાર વગર અયુક્ત અસત કાર્ય સત્કાર્ય જેવું ભાસે છે.
૯ ગુરૂ જનોનું વચન ઉલ્લંઘન કરવું નજ ઘટે.
૧૦ અશકય વસ્તુના વિષયમાં પુરૂષનો અપરાધ લેખાતો નથી.
૧૧ અહિંસા, સદ્ધ્યાનની પ્રાપ્તિ, રાગાદિક દોષોનો નિગ્રહ, તેમજ સાધર્મીજનો પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમ–વાત્સલ્ય એજ સદુપદેશ રહસ્ય છે.
૧૨ અજ્ઞાન યોગેજ હિંસાદિક દોષ માત્રમાં જીવો પ્રવૃત્તિ કરતા રહે છે.
૧૩ અજ્ઞાન દોષથી મલીન થયેલ આત્મા પાષાણ જેવો જડ લેખાય છે.
૧૪ ખરી સરલતા આદરવાથી હૃદયની ભારે શુદ્ધિ થઇ શકે છે.
૧૫ આપ બડાઇ, પારકી નિંદા અને પૂર્વે સેવેલ વિષય વિલાસના વખાણ એ સાધુ જનોના ચારિત્રને ભારે નુકશાન કારક થાય છે.
૧૬ જે અહીં મનનો નિગ્રહ કરી શકે છે તેજ આત્માનું ખરૂં હિત કરે છે.
૧૭ સજ્જનોની પ્રીતિ અવિહડ પ્રાણાન્ત સુધી નભે એવી હોય છે.
૧૮ સદ્ગુરૂ પ્રત્યે વિનયાદિક વર્તવું એ સજ્જનોને ઉચિતજ છે.
૧૯ નિર્ગુણી પ્રત્યે સજ્જનો રાગ દ્વેષ રહિત ઉદાસીનતાજ ધારણ કરે છે.
૨૦ સારા–સદ્ગુણી પતિ સાથે કન્યાને જોડવાથી ચિન્તામુકત થઇ શકાય છે.
૨૧ ગાલમાં સમાય એવું મંદ હાસ્ય, લજ્જા સહિત કોમળ ભાષણ, અને વિકાર રહિત પણે અન્યને નિરખવું એ કુલીન સ્ત્રીઓને ઉચિત છે.
૨૨ હાથ કંકણ ને આરીસો.
૨૩ કર્તવ્ય-કર્મમાં જોડાએલા નોકરોએ સ્વામીઓને છેતરવા ન જોઇએ.
૨૪ કર્મથી દુઃખ પેદા થયું હોય તેમાં ખેદ–શોક કરવો શા કામનો ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૫ માતાને ક્લેશ-સંતાપ ઉપજાવનારા એવા પુત્રના જન્મથી સર્યું.
૨૬ દીર્ઘ દૃષ્ટિથી વિચારી કામ કરનારને શું શું શ્રેય ન સંભવે ?
૨૭ મહાનુભાવો દુ:ખ પામતા પ્રાણીઓ પ્રત્યે દયાળુ હોય છે.
૨૮ પંડિત જનો સમયસૂચકતા વાપરી ડહાપણથી કામ કરી લે છે.
૨૯ કુપાત્ર માટે ગમે તેટલો પ્રયાસ કર્યા છતાં અંતે ખેદજ પેદા થાય છે.
૩૦ સત્સંગનું મૂલ્ય આંકવાને દુનિયામાં કોણ સમર્થ છે ?
૩૧ ક્રોધના પૂરા આવેશમાં કરેલ સમાધાન કલહને વધારનાર થાય છે.
૩૨ ભોજન સન્મુખ છતાં હાથ હુલાવ્યા વગર કોણ જમે છે ?
૩૩ ગમે તેટલો પરિશ્રમ કર્યા છતાં કુતરાની પુછડી કોણ સીધી કરી શકે છે.
૩૪ ઊંટ કયાં અને આરતિ કયાં ? સર્વત્ર ગુણો પૂજાયા છે.
૩૫ ગુણુજ જ્યાં ત્યાં પૂજાય છે. એમાં સંબંધનું કશું કારણ નથી.
૩૬ અધિક ગુણીને જોઇ મહાત્માઓ પ્રમોદ પામે છે.
૩૭ ગુરૂ જનો સહાયરૂપ થાયછે- માર્ગદર્શક હોઈ શકે છે.
૩૮ હે ચિત્ત ! આત્મામાં રમણુતા કરીને તું જલદી ચિન્તામુક્ત થા.
૩૯ મનનો ઉદ્વેગ મટાડવા અને મિત્ર સજ્જનોને સંતોષ વા તેના જાણુકાર વિચક્ષણો દિવ્ય પ્રહસનજ કરે છે,
૪૦ અંદરમાં મેલું-દુષ્ટ મન સ્નાનાદિકવડે શુદ્ધ થઇ શકતું નથી.
૪૧ સંસારનો પાર પામવાને આપણું ચિત્તજ શુદ્ધ કરવાની જરૂર છે.
૪૨ સ્નેહ પૂર્ણ સજ્જનને જોયે ચિત્ત સ્નેહથી દ્રવિત થઇ જાય છે.
૪૩ ચિન્તામણિનું સ્વરૂપ જાણનાર દરિદ્ર ન હોય.
૪૪ સજ્જનનો સમાગમ થતાં જડ પણ સંતુષ્ટ થાય છે.
૪૫ ' બાપ એવા બેટા ' એ પ્રાયે સત્ય પઠે છે.
૪૬ તત્ત્વ (પરમાર્થ) માર્ગને નહીં જાણનારાજ માંહોમાંહે વિવાદ કરી મરે છે.
૪૭ તત્વ શ્રદ્ધા વડે પુનિત આત્માને સંસારમાં રઝળવું પડતું નથી.
૪૮ અજ્ઞાન ચેષ્ટા તજી દેવી-તેનું સેવન કરવું નહીં.
૪૯ દુષ્ટ સંબંધ-પરિચય તજવો અને સદાગમનું સંસેવન કરવું.
૫૦ માણસ જેટલું જોવે છે તેટલુંજ જાણે છે.
૫૧ જે સદા સુગુરૂની સેવા-ઉપાસના કરતાં રહે છે તે ભાગ્યશાળી જનો જ્ઞાન ભાગી બને છે, નિર્મળ શ્રદ્ધા રત્નને પામે છે અને ઉત્તમ આચાર પાળવામાં એક્કા બને છે.
૫૨ સંતોષ-પ્રસન્નતા વડે જનો શું શું શુભ નથી કરી શકતા ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫૩ જીવદયા, વૈરાગ્ય, વિધિ યુક્ત ગુરૂ પૂજન, અને વિશુદ્ધ એવી શીલ (સદાચાર) વૃત્તિએ પુન્યાનુબંધી પુન્ય જનક છે.

૫૪ જગતમાં દયા હિત કરનારી, સર્વ ગુણને પેદા કરનારી અને દોષ માત્રને ટાળનારી ધર્મના રહસ્ય રૂપ દયાજ છે.

૫૫ મહામોહ અને પરિગ્રહ—મમતા ખરેખર ત્રાસદાયક છે.

૫૬ પાપાચરણથીજ દુઃખ માત્ર ઉત્પન્ન થાય છે.

૫૭ સહુ કોઇનું મન સંપાદન કરવું ખરેખર દુર્લભ છે.

૫૮ આ ભવ અટવીમાં સાધુવંદન સદ્‌ભાગ્યેજ થાય છે.

૫૯ દુષ્ટ રાગાદિક દોષોની સંગતિ પરિણામે દુઃખદાયીજ છે.

૬૦ દુષ્ટ પાપી જનોને શિક્ષા કરવી એ રાજાનો ધર્મ છે.

૬૧ માત પિતાના ઉપકારનો બદલો કેમે વળી ન શકે.

૬૨ જગતમાં જુગાર જીવોને સર્વ અનર્થ ઉપજાવનાર છે.

૬૩ નબળાની સોબતથી નુકશાનજ અને સારાની સોબતથી ફાયદોજ સંભવે છે.

૬૪ ભાગ્યશાળી જનોનેજ વધારે યાદ કરાય છે.

૬૫ ધર્મોપકાર કરનાર સાધુ જનોનું મૂલ્યજ કરી ન શકાય.

૬૬ ધીર પુરૂષો સ્વબુદ્ધિ-ચક્ષુથી (પરિણામ) જોઇ શકે છે.

૬૭ દુર્જનોનો સંગ નજ કરવો, સજ્જનોનોજ સંગ કરવો.

૬૮ ક્રોધથી તેજ પ્રતાપની વૃદ્ધિ થતી નથી, પણ તેજ ઘટે છે.

૬૯ પુન્યોદય વગર જીવનું કાંઇપણ વાંછિત ફળતું નથી.

૭૦ અમૃતના કુંડામાં કદાપિ કડવાશ હોતી નથીજ.

૭૧ જૂગટાખોરોને અહીં કે પરલોકમાં કયાંય સુખ નથી.

૭૨ ત્હારે ખરો માર્ગ મૂકવો નહીં અને શત્રુઓને પરાસ્ત કરવા.

૭૩ મોહ (શત્રુ) ને દળી નાંખવા જેવો બીજો કોઇ ભારે ઉપકાર નથી.

૭૪ જાતવંત—કુલીન પુરૂષોને પરસ્ત્રીગમન લાજમ નથીજ.

૭૫ સ્વાભિમાની જનોને અપમાનકારી સાથેજ રહેવું ઘટમાન નથી.

૭૬ ભાગ્યહીનને રત્નોનો ભંડાર સાંપડતોજ નથીજ.

૭૭ સહેજે કરાય એવા કાર્યમાં પણ પ્રમાદી ઠપકા પાત્ર થાય ખરો.

૭૮ ઉચિત મર્યાદાનું કદાપિ ઉલ્લંઘન કરવું નહીં.

૭૯ સહોદર—સગાભાઇથી થતો પરાભવ ક્ષમાળુ પણ સહી ન શકે.

૮૦ શુદ્ધાત્મા એવો સજ્જન દુર્જનના દુરાચરણ બરાબર ખાત્રીથી માની નથી શકતો.

—ચાલુ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વઓળખાણ સંબંધી સ્થૂળ વિચાર.

(૩)

સ્વ ઓળખાણ સંબંધે જીવનમાં જેટલી જેટલી વિચારણા કરવામાં આવશે તેટલી વધુ ઉપયોગી થશે. જીવને પોતાના સ્વરૂપનું ભાન થવું એજ તેના મહદ્ પૂન્યની નિશાની છે. જગતમાં મુખ્યતત્વ બે છે. જીવ અને અજીવ એ બે તત્વોને અવલંબીને જ બીજા તત્વો રહેલાં છે. તે સાત અથવા નવતત્વ પણ અપેક્ષાપુર્વક ગણાય છે. જૈનદર્શનકારો નવતત્વ માને છે. બીજા દર્શનકારો જુદી રીતે વધુ તત્વો માને છે, તેમાં પણ મુખ્ય જીવ અને અજીવ યાને જડ અને ચૈતન્ય એ બેની તો મુખ્યતા જ હોય છે. હવે આપણામાં કયા તત્વો છે, તેનો આપણે વિચાર કરીશું તોજ આપણું પોતાપણું કયાં કેટલે અંશે રહયું છે તે સમજવાને સુલભતા થશે.

૨ જીવોમાં બે ભેદ છે. એક મુકત જીવો-જેઓને અજીવ-કર્મો-નો કંઇ પણ સંબંધ નથી. જેઓએ મહદ્ પુરૂષાર્થ વાપરી પોતાના આત્મપ્રદેશોમાં લાગેલા અજીવ યાને જડ કર્મ પુદ્ગલોનો સર્વથા નાશ કરી પોતાનુ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરેલું છે. એવા મુકત જીવો જે સિદ્ધ પરમાત્મપદને પામેલા છે. તે જીવો-તે સીવાયના બાકીના સર્વ જીવો સંસારી જીવો છે. એ સંસારી જીવોમાં પણ ઘણા ભેદ પડે છે. તેમાં આપણું સ્થાન કયાં છે. તે સમજવું અગત્યનું છે.

૩ સંસારી જીવોમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલા જીવો અગ્ર સ્થાનપર આવે છે તે કેવળજ્ઞાનીઓમાં પણ ચૌદમા ગુણસ્થાને વર્તતા અયોગી કેવળી અને તેરમા ગુણસ્થાને વર્તતા સયોગી કેવળી ભગવંત જેઓએ આઠ કર્મો પૈકી ૧ જ્ઞાના વરણીય, ૨ દર્શનાવરણિય, ૩ મોહનીય અને ૪ અંતરાય, એ ચાર ઘાતી કર્મ સર્વથા ખપાવી દીધા છે. બાકીના નામકર્મ-ગોત્રકર્મ-વેદનીકર્મ અને આયુકર્મ એ ચાર ભવોપગ્રાહી કર્મ ખપાવવાની છે. તે કર્મને ભવનું આયુષ્ય પુરૂ થતાં પહેલાં અનુક્રમે ખપતાં ખપતાં છેવટે સર્વ કર્મ ખપાવી અયોગી ચૌદમુ ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. તે કોટીમાં આપણો આત્મા આવી શકતો નથી.

૪ સયોગીમાં છદ્મસ્થ બીજો ભેદ છે. એટલે બારમા ગુણસ્થાને વર્તતા ક્ષીણમોહી અને અગીઆરમા ગુણસ્થાને વર્તતા ઉપશાંત મોહી મુનિ મહાત્માઓ એ કોટીમાં આવે છે. તે સ્થિતી આપણે પ્રાપ્ત કરી નથી.

૫ ઉપશાંતમોહ છદ્મસ્થ જ્યારે અગીઆરમા ગુણઠાણે વર્તતા હોય તે મહાત્માઓનો તેમાં સમાવેશ થાય છે, તેને ગુણસ્થાનનો કાળ અંતરમુહૂર્તનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. જે વખતે એ ગુણસ્થાના ઉપર મુનિ મહાત્માઓ વીરાજમાન હોય છે, તે વખતે મોહની કર્મને સતામાં દબાવી દીધેલું હોય છે, અને આત્મા તેટલો કાળ નિર્મળ અને સ્થિર હોય છે. એમ જ્ઞાનીઓનું કથન છે. અહા એવી સ્થિતી કયારે પ્રાપ્ત થશે ?

૬ ઉપર જણાવ્યા તે ઉપશાંત મોહી સિવાય બીજા સકષાયીમાં દશમા ગુણસ્થાને વર્તતા સૂક્ષ્મ સકષાયી અને તેથી નિચલા ગુણસ્થાને વર્તતા બાદર સકષાયી છે. બાદર સકષાયીમાં એક શ્રેણી પ્રતિપન્ન, અને બીજા શ્રેણી રહિત. એટલે આઠમા નવમા ગુણસ્થાને વર્તતા મહાત્માઓ શ્રેણી પ્રતિપન્ન અને બાકીના બીજા શ્રેણીરહિત-આ કાળમાં આ ક્ષેત્રમાં શ્રેણીનો અભાવ છે એટલે ભગવંત જંબુસ્વામીના પાછલ જે દશ બાબતો આ ક્ષેત્રમાં વિચ્છેદ ગઇ છે તેમાં શ્રેણી પ્રતિપન્નનો પણ સમાવેશ કરેલો છે. એટલે એવી લાયકાત આ કાલના જીવો પ્રાપ્ત કરી શકવાના નથી એમ ભગવંત મહાવીરે પોતાના જ્ઞાન બળથી જાણીને કહેલું છે તેથી એ કોટીમાં પણ આપણે આવી શકીએ નહિં.

૭ શ્રેણી રહિતનામાં અપ્રમાદી સાતમા ગુણસ્થાને વર્તતા અને બાકીના પ્રમાદી તેથી નિચલા ગુણસ્થાને વર્તતા જીવો છે. છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકવર્તિ સર્વ વિરતી મુનિ મહારાજાઓ છે. સાતમા ગુણસ્થાનકને ઝુલા સમાન ગણેલું છે. જેમ હિંચકા ઉપર બેઠેલા પ્રાણી હિંચકા ખાતી વખતે ઊંચો અને નિચો જાવ આવ કર્યા કરે છે. હિંચકો તે વખતે સ્થિર રહી શકતો નથી. તેમ પ્રમાદ દશામાંથી અપ્રમાદ દશામાં વર્તતા મુનિ મહારાજાઓની એ સ્થિતી ગણાય છે. જ્ઞાન ધ્યાનમાં વર્તતા જેટલો કાળ તેમાં તદાકારવર્તિપણે થઇ જાય તે વખતે તે અપ્રમાદ દશામાં ગણી શકાય તેમાં ફેરફાર થતાની સાથેજ તે પ્રમાદ દશામાં આવી જાય છે. ગૃહસ્થદશામાં જે પ્રમાદ ગણાય છે તે પ્રમાદ અને આ પ્રમાદ દશામાં બહુ તફાવત છે. છ કાય જીવના રક્ષક, પંચમહાવૃતના સંપુર્ણ પ્રતિપાલક અને ભગવંતની આજ્ઞા મુજબ છઠ્ઠાગુણસ્થાન આરાધક મુનિ મહાત્માઓ છે. આ છઠ્ઠા ગુણસ્થાનકને પ્રમાદ ગુણસ્થાન એવું નામ પણ આપેલું છે. આ ગુણસ્થાનક મારામાં વર્તતું નથી કારણ હુંતો ગૃહસ્થદશામાં છું. જ્યારે ત્યારે આ ગુણ સ્થાનક પ્રાપ્ત કર્યા સિવાય ઉપલી હદે જવાનો અધિકાર મને પ્રાપ્ત થવાનો નથી. એ ગુણસ્થાનક પ્રાપ્ત થાય એવી ભાવના હમેશ ભાવવી જોઇએ. તે પણ ભવાતી નથી. કેટલા ખેદની વાત છે ?

૮ પ્રમાદી જીવોમાં છઠ્ઠા ગુણસ્થાનકથી નીચેના ગુણસ્થાને વર્તતા તમામ જીવોનો સમાવેશ થાય છે. સમક્તિ પ્રાપ્ત કરેલા ચોથા ગુણસ્થાનક વર્તિ, અને વિરતી પરિણામંવાળા જેઓએ દેશથકી વૃત નિયમ અંગીકાર કરેલા છે તે પાંચમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુણુસ્થાનવર્તિ અને ચોથાથી નીચેના યાવત્ મિથ્યાત્વ ગુણુસ્થાનવાળા તમામ જીવો પ્રમાદ દશાવાળા છે. આ ગુણુસ્થાન આશ્રિ આત્મસ્વરૂપની જે વિચારણા કરવાની છે તે અંતરંગ પરિણામ ભાવની છે. કયા જીવ મિથ્યાત્વને છોડીને સમ્યક્ત્વને પામ્યા છે; અને સમ્યકત્વ પામ્યા પછી ભાવથી પાંચમુ દેશવિરતી ગુણુસ્થાનક પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી થયા છે, તે વિશિષ્ટ જ્ઞાની સિવાય જાણી શકે નહી. પણ બાહ્ય આચરણુ વ્યવહારથી જે ત્યાગ વિરતી અંગીકાર કરે તે ઉપરથી અનુમાન થઇ શકે.

૯ સમકિતી જીવની પ્રવૃત્તિ કેવા પ્રકારની હોય તેનું અનુમાન સડસઠ પ્રકારથી થઈ શકે છે. સમક્તિના સડસઠ ભેદ યાને ગુણુ બતાવેલા છે. તે ગુણો પૈકી આપણા પોતાનામાં કયા ગુણો ઉત્પન્ન થયા છે તે આપણે આત્મનિરીક્ષણુ કરી નક્કી કરવાથી આપણે આપણા આત્માની યોગ્યતા કેટલી છે તે નક્કી કરી શકીશું. એ સડસઠ ગુણો સમક્તિની પ્રાપ્તિને માટે અને સમક્તિ પ્રાપ્ત થયું હોય તો તેની વધુ નિર્મળતા માટે આપણે આદરવા લાયક છે. એ સડસઠ ગુણોની પ્રત્યેકની વિચારણા કરવાથી લંબાણુ થાય માટે આત્માર્થિએ બીજે ઠેકાણેથી તેનો ખપ કરી લેવા ભલામણુ કરવામાં આવે છે.

૧૦ સમક્તિની પ્રાપ્તિ પૂર્વક સદ્ગુણો પ્રાપ્ત કરવાને માટે પ્રયત્ન કરવો જોઇએ. એકલું સમક્તિ પ્રાપ્ત થયું એટલે આપણે કૃત કૃત્ય થઇ ગયા એમ સમજી સંતોષ માનવાનો નથી. જ્યાંસુધી કેવળ જ્ઞાન, કેવળદર્શન અને યથાખ્યાન ચારિત્ર જે આત્માના સહજ સ્વાભાવિક ગુણુજ છે, તે આપણે પ્રગટ કર્યા નથી ત્યાંસુધી અસદ્ પ્રવૃત્તિનો ત્યાગ અને બાહ્ય ઉપાધી ઓછી કરવાને પોતાની શક્તિ મુજબ સર્વ વિરતી પ્રાપ્ત કરવાની ઇચ્છા પૂર્વક થોડી થોડી એટલે દેશથી પણુ વિરતી ગુણુને અંગીકાર કરી એ ગુણમાં આગળ વધવું જોઇએ અને તે કરવા માટે ક્રોધ-માન, માયા અને લોભનું સ્વરૂપ સમજી એ કષાયો પાતલા પડે તેમ આપણે કરવું જોઇએ. જ્ઞાનીઓનું એ કથન છે કે આ ચાર પ્રકારના કષાયનું જોર આપણામાં પ્રબળ હશે, ત્યાંસુધી આપણે આપણા આત્માને સદ્ગુણી બનાવવાને કદીપણુ શક્તિવાન થઇ શકવાના નથી માટે તેની મંદતા ક્ષયોપશમ કરવાને હમેશ ઉપયોગ રાખવો જોઇએ.

૧૧ સમક્તિથી હેઠલની કોટીમાં મિથ્યાત્વી જીવો આવે છે. આ મિથ્યાત્વ આશ્રી બે ભેદ છે, ભવ્ય અને અભવ્ય, ભવ્ય જીવને કાળાંતરે પણુ સામગ્રીની જોગવાઈ મળ્યે તે પોતાના આત્માની ઉચ્ચ દશા પ્રગટ કરી શકે છે. ત્યારે અભવ્ય જીવમાં સિદ્ધપણાની લાયકાતજ નથી. આપણો જીવ ભવ્ય છે કે અભવ્ય એ આપણે સમજવું જોઇએ. પ્રથમ તો અભવી જીવને પોતાને એવો વિચાર આવતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી કે હું ભવ્ય છું કે અભવ્ય ? જ્યારે ભવ્ય જીવનનોજ એ વિચાર આવે છે. કેવળી ભગવંતે પ્રરૂપેલા તત્ત્વોની રૂચીસદહણા—ભવ્ય જનનેજ થાય છે. અભવ્યને એ બધુ થતું નથી. આવી સ્થુલ બાબતોથી આપણે સ્વ ઓળખાણ સંબંધી વિચાર કરો નિશ્ચય કરવો જોઇએ કે આપણે ભવ્ય કે અભવ્ય ?

૧૨ અનંતા કાળથી આપણો જીવ મિથ્યાત્વ ને અજ્ઞાનના સહવાસને લીધે પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે અને કર્મરૂપ જડની સોબતથી તે જડરૂપ એટલે પુદ્ગલાનંદી થઇ ગયો છે, હવે જ્યારે અહીં તેનું શુદ્ધ સ્વરૂપ ઓળખવાનો વખત અને સાધન સામગ્રી પ્રાપ્ત થયા છે, તેવા વખતે કેવળ અફળ અને મિથ્યાત્વના પ્રબળ ઉદયને લીધે આપણે આપણા પોતાના સ્વરૂપને ઓળખવાની દરકાર નહિં કરીએ તેમાં આપણુને પોતાનેજ નુકશાન છે. તેમાં બીજા કોઇને નુકશાન નથી. આપણે પોતાનો અંગત સ્વાર્થ—આત્મ લાભ—સેવા છે એનો વિવેક કરી શકતા નથી એજ અજ્ઞાન અને મિથ્યાત્વ છે. આપણુને કોઇ એ બાબતની સુચના કરે છે, ત્યારે આપણે તેમની ઉલટા મજા કરી તેમને હસી કાઢીએ છીએ એ ખરેખર મોહની તીવ્રતાનું લક્ષણુ છે, મોહ મુઝાવી નાખે છે. જેમ માદક પદાર્થનો ઉપયોગ કરેલો પ્રાણી પોતાનું સ્વરૂપ ભુલી જઈ યદ્વા તદ્વા ગમે તેમ બોલે છે, તેમ મોહના પ્રબળ ઉદયના લીધે આપણે પણ વસ્તુસ્વરૂપની યથાર્થ ઓળખાણુ કરવાની સુચના કરનારને ઉલટા હસીએ છીએ એ માદક પદાર્થના ઉપયોગનો કરનારની જેવા આપણે છીએ. માટે હમેશાં થોડો સમય બચાવી આપણે આપણા આત્માની ઓળખાણુ કરવાને માટે પ્રયત્ન કરવો એ આપણી પોતાની ફરજ છે.

આપણે અનર્ગલ દ્રવ્ય અને મ્હોટું કુટુંબ મેળવવાને પુણ્યના યોગે શકિત-વાન થયા હઇશું પણ આખરે એ સર્વ આપણા આત્માને હિતદાયક નથી. આપણે આપણું શુદ્ધ સ્વરૂપ ઓળખી મિથ્યાત્વાદિનો ત્યાગ કરી આપણા આત્માના સહજ સ્વાભાવિક ગુણો જેટલે અંશે પ્રગટ કરવાને શકિતમાન થઇશુ. એજ આપણા પોતાના હકમાં ફાયદાકારક છે આ ધ્યેય હમેશાં લક્ષમાં રહેવાની જરૂર છે.

લેખક—વકીલ નંદલાલ લલુભાઈ વડોદરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अंतरात्मानी परमात्मा प्राति संकष्टो दूर करवा अभ्यर्थना

શિખરિણી.

પ્રભો અંતર્યામી ! અમ ઉર સદા વાસ વસજો
નિવારી કર્મોને જીવન સઘળું શાંત કરજો;
વળી ભ્રાંતિ વારી સમક્તિ વિષે વૃત્તિ ધરજો,
જગાડી સદ્જ્ઞાને વિરતિ શુભ સામર્થ્ય સજજો. ૧

નમું ભક્તિ રંગે જગજીવન તેજસ્વી તમને,
અને એ તેજોના વિવિધ જીવમાં રેડી બળને;
ઉંડા અંધારેથી પરમ પદ સન્માર્ગ કળને,
અમોને એ અર્પો જીવન ઘડીના ધન્ય પળને. ૨

મહા સિંધુમાં જે વિવિધ નદીના વ્હેણ વહતાં,
થઇ જ્યાં એકત્ર જીવન સરમાં સંગ મળતાં;
મનુષ્યોની વૃત્તિ વિધવિધ સુભાવો નિરખતી,
પ્રભો ! વાળો વૃત્તિ, જગજીવસુધાને પરખતી. ૩

કરી શાંતિ સત્ત્વે સકળ જડ ચૈતન્યમયમાં,
જગાડો આત્માના વિધ વિધ નયો દૃષ્ટિપથમાં;
અને એ દૃષ્ટિથી જીવન કલહો દુર કરજો,
બહિરાત્મી ભાવો જગતજીવના દૂર હરજો. ૪

ફત્તેહચંદ ઝવેરભાઈ.

વર્તમાન સમાચાર

પૂજયપાદ શાંતમૂર્તિ પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજ સપરિવાર અત્રે પધારતાં અત્રેના શ્રી સંઘને તેઓશ્રીના અમૃતતુલ્ય વ્યાખ્યાન અને શાંતતા તથા સરલતાથી જે આનંદ થયો છે તેમાં એકનો વધારો થયો છે. ગયા ચૈત્ર વદી ૧૩ ગુરૂવારના રોજ મારવાડી બંધુ પૃથીરાજજીએ ઉક્ત મહાત્મા પાસે ચારિત્ર ગૃહણ કર્યું છે, મહારાજશ્રીની આજ્ઞાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પન્યાસજી શ્રી ઉમંગવિજયજી મહારાજે દીક્ષાની ક્રિયા કરાવી હતી અને શિષ્ય પણ તેઓશ્રીના થયા છે. નામ મુનિશ્રી ચરણવિજયજી આપવામાં આવ્યું છે. દીક્ષીત મુનિશ્રી ચરણવિજયજી કેટલાક માસથી પંન્યાસજીશ્રી ઉમંગવિજયજી મહારાજ પાસે ભણતા હતા અને અનુભવ લેતા હતા સાથે સાથે વિહાર પણ કરતા હતા. જેથી હવે પછી ચારિત્ર પાળવું પ્રિય સુલભ થઇ પડે તે બનવા જોગ છે. આવી રીતે કેટલોક વખત મુનિ મહારાજ પાસે રહી અભ્યાસ કરી નિર્દોષ પાણી વાપરવું વિહાર વગેરે કેટલીક ક્રિયા કે સતત્ રીતે મુનિપણામાં પાળવાની છે તેનો અનુભવ લઇ અભ્યાસ કરી પછી લેવામાં આવતું ચારિત્ર સ્થિર થાય છે તે સ્વાભાવિક છે. આ કાળમાં તેવી રીતે ચારિત્ર આપવામાં આવે તે ઇચ્છવા યોગ્ય અને જમાનાને બંધ બેસતું છે અને તે માટે ઉક્ત પંન્યાસજી મહારાજનું આ કાર્ય પ્રશંસનીય છે. આવી પ્રવૃતિ સ્વર્ગવાસી પૂજ્યપાદ આત્મારામજી મહારાજના સમુદાયના કેટલાક મુનિરાજોમાં જોવાય છે તેમ જે જે સમુદાયના મુનિરાજોમાં હોય તેને માટે પ્રશંસાપાત્ર અને જમાનાને અનુકુલ છે અને તેવી રીતે જમાનાને સાનુકુળ તેવી પ્રવૃતિની જરૂર હવે જણાય પણ છે,

આ શહેરમાં ઘણા લાંબા વખતે દીક્ષા મહોત્સવ થયેલો હોવાથી શ્રી સંઘમાં ઘણો સારો ઉત્સાહ જણાયો હતો. દિક્ષા મહોત્સવ પણ સારી ધામધુમથી કરવામાં આવ્યો હતો. દાદાસાહેબની વાડીમાં દીક્ષા આપવામાં આવી હતી. પૂજ્યપાદ પ્રવર્તકજી મહારાજના આવાગમનમાં માંગલીક કાર્ય આ પ્રથમ છે, તેઓશ્રીનું ચાતુર્માસ અમારા સદ્ભાગ્યે અત્રે થશે તો આવા અનેક ધાર્મિક-(માંગલીક કાર્યો અત્રે થવા સંભવ છે. પરમાત્મા તે ઇચ્છા પાર પાડો તેવી પ્રાર્થના છે.

સુધારો.

ગયા અંકના પૃષ્ટ ૨૪૬ માં આવેલ મરણનોંધમાં " પ્રતાપચંદજી ઘીયાના પુત્ર " એમ છપાએલ છે, તેને બદલે " લક્ષ્મીચંદજી ઘીયાના પુત્ર " એમ સમજવું.

ગ્રંથાવલોકન

પંચમી માહાત્મ્ય (**પ્રથમભાગ**) જેના અનુવાદક પંડિત **લાલચંદ ભગવાનદાસ** છે કે જેઓશ્રી બનારસ જૈન પાઠશાળામાં પદ્ધતિથી અભ્યાસ કરી સારા અભ્યાસી બનેલા છે. તેઓ વિદ્વાન હોવાથી તેમણે કરેલો આ અનુવાદ સરલ અને શુદ્ધ હોય તે બનવા જોગ છે. આ ગ્રંથ મૂળ પ્રાકૃત ભાષાનો હોઇ તેના કર્તા શ્રી મહેશ્વરસૂરિ મહારાજ છે તે કઇ સાલમાં ક્યાં થયા તે ઐતિહાસિક રીતે ચોક્સ જાણી શકાયેલ નથી એમ અનુવાદક મહાશય જણાવે છે, આ બુકમાં તેનો ½ ભાગ આપવામાં આવેલ છે. આ ગ્રંથના મૂળ કર્તાએ ઉપયોગી સમસ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષયોપર અમૂલ્ય શિક્ષા સૂત્રો ગોઠવ્યા છે તેમજ જનસમાજમાં બોલાતી કહેવતો પણ પ્રસંગોચિત આપેલ છે, એટલે કે આ ગ્રંથના કર્તા અસાધારણ વિદ્વતા ધરાવતા હતા એમ વાંચવાથી માલૂમ પડે છે ગ્રંથ ખરેખર વાંચવા લાયક આનંદ ઉપજાવે તેવો છે, અનુવાદક બંધુએ કટેકે કટેકે પ્રકટ કરવા કરતા આખો ગ્રંથ એક સાથે પ્રકટ કર્યો હોત તો તે વધારે ઠીક હતું એમ અમોને જણાય છે. કેટલેક સ્થળે અક્ષરો પણ બરાબર જણાતા નથી તો હવે પછીના ભાગો સુંદર અક્ષરો જેમ વધારે જણાય તેમ છપાવવાની જરૂર છે.

કિંમત રૂા ૦-૫-૦ મળવાનું સ્થળઃ—ગાંધી અભયચંદ ભગવાનદાસ ભાવનગર-હેરીસરોડ

નીચેના ગ્રંથો વિગેરે અમોને ભેટ મળેલ છે જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

૧ **જૈન ધર્મનું સામાન્ય જ્ઞાન ભાગ ૧ થી ૪** શ્રી મહાવીર જૈન સભા—ખંભાત.

૨ **શ્રી જીનેંદ્ર પૂજા સંગ્રહ** (શ્રી માણિક્ય સિંહ સૂરિ કૃત)
શાહ માણેકલાલ ફુલચંદ, અમદાવાદ.

૩ **રત્નાકર પચીશી** (હિંદી પદ્યાત્મક અનુવાદ સાથે.
શ્રી આત્માનંદ જૈન સભા, અંબાલા—પંજાબ.

૪ **પાલનપુર જૈન વિદ્યાલય બોર્ડીંગનો પ્રથમ રિપોર્ટ**—કમીટી તરફથી

૫ **શ્રી આત્મ કમળ લાઇબ્રેરીનો** સંવત ૧૯૭૪ના વૈશાખ ૬ થી સંવત ૧૯૭૭ના કારતક વદી ૩૦ સુધીનો રીપોર્ટ ,શ્રી મહાવીર જૈન સભા તરફથી.

૬ **શ્રી જૈન આત્માનંદ જૈન ટ્રેકટસોસાયટી** અંબાલા— આત્માનંદ જૈન સભા.

શાસ્ત્રી નર્મદાશંકર દામોદરજીનો સ્વર્ગવાસ.

વઢવાણ નિવાસી અને ઘણા વર્ષોથી શાસ્ત્રી તરીકે ધંધા અર્થે અત્રે રહેલા શાસ્ત્રીજી નર્મદાશંકર ચૈત્ર વદી ૯ ગુરૂવારે પંચત્વ પામ્યા છે. સુમારે ૩૦ વર્ષથી જૈન મુનિવરોને સંસ્કૃત શીખવવાનો અને જૈન ધર્મના અનેક ગ્રંથોના ભાષાંતરો અને બીજી રીતે પણ ગ્રંથો તેમણે અનેક સંસ્થાને તૈયાર કરી આપેલ પ્રકટ થયેલ છે. આ સભાનું તેવું કાર્ય તેઓ પ્રથમથીજ કરતા હતા. તાત્કાળીક કાવ્યો બનાવવાની તેમની બુદ્ધિ હતી, જન રંજન કરવાની તેમનામાં કળા હતી, તેઓ અત્રે સ્ટેટ હાઇસ્કુલમાં સંસ્કૃત શિક્ષક તરીકે નોકરીમાં હતા, તેમના સ્વર્ગવાસથી એક સારા સંસ્કૃત શિક્ષકની ખોટ પડી છે, અમો તેમના સંબંધીઓને દિલાસો આપીએ છીએ અને તેમના આત્માને શાંતિ મળો એમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,

૨ જૈન મેઘદૂત સટીક

૩ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ

૪ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ

૫ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી

૬ શ્રી કલ્પસૂત્ર-કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તે મનાધર્મપત્નિબાઇચુનીબાઇનીદ્રવ્યસહાયથી

૭ ષટ્સ્થાનક સટીક.

૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.

૯ સંસ્તારક પ્રકીર્ણક સટીક.

૧૦ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક

૧૧ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત

૧૨ વિજયદેવસૂરિ મહાત્મ્ય.

૧૩ જૈન ગ્રંથ પ્રસ્તિત સંગ્રહ.

૧૪ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)

૧૫ ધાતુ પારાયણ

૧૬ શ્રી નંદીસૂત્ર-શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સાથે બુહારીવાળાશેઠમોતીચંદસુરચંદ તરફથી

૧૭ શ્રી અનુત્તરોવવાઈ-શા. કચરાભાઇ નેમચંદ ખંભાતવાળા તરફથી

૧૮ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા-નવસારી.

૧૯ ઉપદેશ સપ્તતિકા ટીકાનું (ભાષાંતર)

૨૦ શ્રી વિમલનાથ ચરિત્ર ,,

૨૧ દાનપ્રદીપ ,,

૨૨ સંબોધ સિત્તરી ,,

૨૩ ધર્મરત્ન ,,

નંબર ૨૦-૨૧-૨૨-૨૩ ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કૃત
શ્રી અધ્યાત્મ મતપરિક્ષા ગ્રંથ.
(મૂળ સાથે ભાષાંતર)

સતરમાં સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેકવિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્વો શેમાં છે ? તે શોધવાની મુશ્કેલી જણાતા તેવા જીવોને ઉપકાર કરવા નિમિતેજ આ અધ્યાત્મિક ગ્રંથની ઉક્ત મહાત્માએ રચના કરી છે. શુદ્ધ તત્વના સ્વીકારનેજ આપ્ત પુરૂષો અધ્યાત્મ કહે છે, જેથી તેની પરિક્ષા કરીને ગ્રહણ કરવું જોઇએ તેજ આ ગ્રંથમાં બતાવવામાં આવેલું છે. ગ્રંથની શરૂઆતમાં અધ્યાત્મ કોને કહેવું તેની વ્યાખ્યા સાંથે નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ; એ ચારમાં મોક્ષના કારણ એવા ભાવ અધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક બતાવ્યું છે, તે સાથે અધ્યાત્મની સિદ્ધિ કયારે થઇ શકે તેને અંગે શંકા સમાધાન પૂર્વક અન્ય ગ્રંથોના પ્રમાણ આપી પુરવાર કરી બતાવ્યું છે ! ત્યારબાદ જેમના મતનો વિચાર કર્ત્તવ્ય છે તેવા નામ અધ્યાત્મી કે જે શુદ્ધ અધ્યાત્મથી તેમની હકીકત કેવળ જુદી અને વિરોધી છે અને શુદ્ધ ભાવઅધ્યાત્મજ મોક્ષનું કારણ છે, તેનું સ્ફુટ વિવેચન શ્રીમાન્ ગ્રંથકર્તાએ અસરકારક રીતે બતાવ્યું છે. અધ્યાત્મના ખપી અને રસીકને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો છે. કિંમત રૂ.૦-૮-૦ પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માનસિક દૃઢીકરણ.

" આપણે જેવા થવાની તીવ્રેચ્છા ધરાવતા હોઇએ અને જે કાર્ય સિદ્ધ કરવાનો આપણો નિશ્ચય હોય તે હમેશાં આપણાં મનમાં બળ અને નિશ્ચય પૂર્વક જણાવવામાં કેટલું સામર્થ્ય રહેલું છે તે થોડા લોકોજ જાણે છે. પોતે જે કાર્ય માથે લે તે કરવાની પોતાની શક્તિ ઉપર પરમ શ્રદ્ધા રાખવાથી—અડગ નિશ્ચયના પ્રચંડ બળથી—માણસોએ મહાન કાર્યો સિદ્ધ કર્યાં છે. માથે લીધેલું કામ પાર પાડવાની તમારી શક્તિ ઉપર તમને જેમ વિશેષ શ્રદ્ધા હશે તેમ અવશ્ય તમને વિશેષ સફલતા પ્રાપ્ત થશે. વિશ્વાસ પૂર્વક આગળ ધસવાની મહાન શક્તિની આપણને અપેક્ષા છે. એક પ્રચંડ ગોળાને ધીમે ધીમે ખોસવા કરતાં તોપમાંથી વિદ્દ્યુગતિથી છોડવાથી તે વિશેષ સ્હેલાઇથી વહાણનાં પોલાદી પતરાંને ભેદી શકે છે. જે લોકો હમેશાં કહે છે કે " જો ઇશ્વરેઇચ્છા હશે તો અમે અમુક કાર્ય કરીશું " તેઓ જાણતા નથી કે " જો " દ્વારા તેઓ જે શંકા પ્રદર્શિત કરે છે તે શંકાજ તેમના નિશ્ચયાત્મકપણાની તીક્ષ્ણતા હરી લે છે અને નિષેધાત્મક પણું ઉત્પન્ન કરે છે. જે માણસની વૃત્તિ પોતાની જાતને હલકી અને શુન્યવત્ ગણવાની હોય તેણે ઉત્સાહ મેળવવા—માટે એક ભીરૂ આત્માએ સુદૃઢ બનવાને માટે—પોતાનાં મનમાં વારંવાર નિશ્ચયાત્મક રીતે " હું છું " એ મંત્રોચ્ચાર કરવાની જરૂર છે. આથી તેને જેટલો લાભ થાય છે તેટલો લાભ બીજી કોઇ પણ વસ્તુથી થતો નથી. પ્રત્યેક માણસે પોતાનાં મનમાં આ મંત્રોચ્ચાર કરવો જોઇએ કે " હું સાહસરૂપ છું; હું આરોગ્યરૂપ, બળરૂપ, શક્તિરૂપ છું; હું શક્તિરૂપ, શાંતિરૂપ છું; હું અખૂટ ભંડારરૂપ છું; હું અખૂટ ભંડારનો એક અંશ છું; કારણ કે મેં અપાર ભંડારનાં ખુદ મૂળની સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરેલું છે; હું શ્રીમંત છું, કારણ કે હું વિશ્વનાં સર્વ સાધનોનો વારસ છું. " દૃઢતા પૂર્વક, વારંવાર, હમેશાં, નિશ્ચયપૂર્વક તમારા મનમાં જણાવો કે તમારી મહત્વાકાંક્ષાઓ જે કાર્યને યોગ્ય અને શક્ય જણાવે છે તે કાર્ય તમે કરશો. એમ કહેશો નહિ કે " હું કોઈ કોઇ વાર સફલતા પ્રાપ્ત કરીશ. " એમ કહેજો કે " હું સફલતારૂપજ છું; સફલતા એ મારો જન્મસિદ્ધ હક્ક છે. " એમ કહેશો નહિ કે તમે ભવિષ્યમાં સુખી થવાના છો. તમારા મનમાં કહેજો કે " મને ઉત્પન્ન કરવામાં મને સુખી કરવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. મને સુખ ભોગવવા માટે પેદા કરવામાં આવ્યો છે અને હું સુખી છું " જે વસ્તુની આપણે ઇચ્છા રાખતા હોઇએ તે વસ્તુ આપણને પ્રત્યક્ષ પ્રાપ્ત થઈ ચૂકી છે એવો દાવો કરવાની ટેવમાં પ્રચંડ આકર્ષણ શક્તિ રહેલી હોય છે. વારંવાર બળઅને નિશ્ચય પૂર્વક " હું સ્વાસ્થ્યાસ્ત્રરૂપ છું; હું બળરૂપ છું; હું શક્તિરૂપ છું; હું સિદ્ધાંતરૂપ છું; હું સત્ય સ્વરૂપ છું; હું ન્યાયસ્વરૂપ છું; હું સૌન્દર્ય રૂપ છું કારણ કે સંપૂર્ણતા, શાંતિ, સત્ય, ન્યાય, અમર સૌન્દર્ય એ સર્વનો હું બનેલો છું " એવો આપણા મનમાં મંત્રોચ્ચાર કરવાથી એ વસ્તુઓ આપણાં જીવનમાં વ્યક્ત થવા માંડે છે. "

" સુખ—સામર્થ્ય અને સમૃદ્ધિ " માંથી

For Private And Personal Use Only